

₹ ૧૫/-

## ધર્મો અને આધ્યાત્મિકતા

# પ્રભુ અર્પણ

નવેમ્બર - ૨૦૧૮

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

અહમ્‌થી અલગ એવી બીજી ચેતના વિશે તમે સભાન બનો તેમ જ એ ચેતનાની અંદર જીવન ધારણ કરો અથવા તો એ ચેતનાની અસર હેઠળ વધુ ને વધુ રહો એ છે આધ્યાત્મિકતા. એ ચેતના, જે વિશાળ છે, અનંત છે, સ્વવિદ્યમાન છે, અને અહંકારથી મુક્ત છે, એને આત્મા (બ્રહ્મન, ઈશ્વર) વગેરે નામોથી ઓળખવામાં આવે છે.

શ્રી અરવિન્દ

(SABCL : 23 : 887)

ધાર્મિક જીવન એ છે અજ્ઞાની એવી માનવચેતનાની ગતિ, જે પૃથ્વીના જીવનથી વિમુખ થઈ જઈ પ્રભુ પ્રતિ અભિમુખ થવા પ્રયત્ન કરે છે. પરંતુ એ માટેનું જ્ઞાન એને હજુ પ્રાપ્ત થયું નહિ હોવાથી એ અમુક સંપ્રદાય કે પંથના રૂઢ સિદ્ધાંતો દ્વારા દોરવાય છે, જે સિદ્ધાંતો દાવો કરવામાં આવે છે તે મુજબ માનવને પૃથ્વીની ચેતનાના બંધનોમાંથી મુક્ત કરી દઈ પરાત્પરના પરમાનંદમાં લઈ જઈ શકે છે. ધાર્મિક જીવન આધ્યાત્મિક જીવન માટેના પ્રાથમિક પ્રયાસ રૂપ હોઈ શકે, પરંતુ મોટેભાગે તો એ વિધિ-વિધાનો, પ્રક્રિયાઓ, રૂઢ થયેલા વિચારો અને રચનાઓમાં વિના કારણ ગોળ ગોળ ફરવા સમાન બની રહે છે.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

નવેમ્બર – ૨૦૧૮ વર્ષ : ૦૪ અંક : ૧૧

# અનુક્રમ

## ધર્મો અને આધ્યાત્મિકતા


| | |
|---|---|
| ધાર્મિક જીવન | ૦૫ |
| આધ્યાત્મિક જીવન | ૧૪ |
| ધર્મો અને આધ્યાત્મિકતા | ૨૬ |
| સાચું આધ્યાત્મિક જીવન | ૩૩ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૬ |


**તંત્રી નોંધ :** આપણી સામાન્ય સમજશક્તિ અને આપણા અનુભવના ક્ષેત્રની પહોંચથી જે પર છે 'તે' પરત્વેના બે અલગ અલગ અભિગમો માનવે અપનાવ્યા છે, તે છે : ધર્મો અને આધ્યાત્મિકતા. આ બે અલગ પરંતુ એકબીજામાં ગૂંથાયેલ અભિગમો, જે ઉચ્ચતર માનવ પ્રવૃત્તિનાં બે પાસાંઓ છે તે વિશેની આપણી સમજમાં ઘણી ગૂંચવણો પ્રવર્તી રહી છે. અને આ ગૂંચવણોનું કારણ સમજી શકાય એવું છે. કારણ આપણે એ જોઈ શકીએ છીએ કે પોતાની સમજ તથા પોતાના અવકાશમાં ગમે તેટલા મર્યાદિત હોવા છતાં મોટાભાગના ધર્મો એ હકીકતનો સ્વીકાર કરે છે કે તેમનો જન્મ કોઈ આધ્યાત્મિક સાક્ષાત્કારને લઈને જ થયો હોય છે. અને છતાં બધા ધર્મો સમયના પસાર થવા સાથે માન્યતાની વ્યવસ્થા તથા ન બદલી શકાય એવા કઠોર સિદ્ધાંતોમાં જ પરિવર્તન પામી જતા હોય છે. આમ, જે સત્ય છે, જે શાશ્વત છે તેની પ્રાપ્તિ માટેની એક સમયની જીવંત અને સભાન પ્રથા હતી તે સામાન્યતઃ લાદવામાં આવેલી સંકુચિત વિધિઓના હાડપિંજર સમાન બની રહે છે. અને ઉચ્ચતર સત્યની શોધ કરતા માનવ આત્માની પ્રગતિમાં એ બાધા રૂપ બને છે. અલબત્ત, એ પણ એટલું જ સત્ય છે કે અમુક લોકો (સાધકો) એ મૃત હાડપિંજરમાં, એના લોહી અને એની માંસમજ્જામાં પોતાની શ્રદ્ધા અને અભીપ્સા રૂપી પ્રાણ ફૂંકીને એને નવજીવન અર્પી શકે છે અને એમ એ ભાગ્યશાળી આત્માઓ માટે ધર્મો પણ આધ્યાત્મિકતા પરત્વેનું સોપાન બની રહી શકે છે. પ્રસ્તુત અંક 'ધર્મો અને આધ્યાત્મિકતા' વિષયની ગહનતર સમજ કેળવવા પર, એ બે વચ્ચેના તફાવતો, એમની મર્યાદાઓ તથા બંનેની નસોમાં વહેતી ઉત્ક્રાંતિગત માનવ અભીપ્સા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# ધાર્મિક જીવન

## પ્રકૃતિ અને ધર્મોનું ગઠન

**'ધર્મનું યથાર્થ સ્વરૂપ શું છે ? આધ્યાત્મિક જીવનના માર્ગમાં ધર્મ અંતરાય રૂપ નીવડે ખરો ?'**

માનવજાતિની ચેતનાની ઊર્ધ્વ મનોમય ભૂમિકામાં ધર્મનું ઉદ્‌ભવસ્થાન રહેલું છે. પોતાનાથી પર રહેલ કોઈ પરમ તત્ત્વની બની શકે તેટલા સમીપ જવાનો માનવજાતિના ઊર્ધ્વ મનનો પ્રયત્ન તે ધર્મ એમ આપણે કહી શકીએ. એ મનસાતીત તત્ત્વને માનવ 'ભગવાન', 'આત્મા', 'સત્ય', 'શ્રદ્ધા', 'જ્ઞાન', 'અનંત', એવાં જુદાં જુદાં નામ આપે છે, પરંતુ ખરું જોતાં તે એક પ્રકારની એવી નિરપેક્ષ સત્‌તા છે કે જેને માનવબુદ્ધિ પહોંચી શકતી નથી, છતાં પહોંચવાનો પ્રયત્ન કરે છે. ધર્મનું આદિ મૂળ જોવા જઈએ તો તે પ્રભુપ્રેરિત હોય એ બનવા જોગ છે. પરંતુ તેના પ્રકટ સ્વરૂપમાં ધર્મ દિવ્ય નહિ પરંતુ માનુષી છે.

ખરું જોતાં આપણે ધર્મ શબ્દ વાપરવાને બદલે 'ધર્મો' કહેવું વધારે યોગ્ય ગણાય; કારણ કે માનવે ઉત્પન્ન કરેલા ધર્મો અનેક છે.

*

આમ બધાય ધર્મોની એક જ જાતની કથા છે. જગતમાં કોઈ મહાન ગુરુ વા પયગંબર પ્રગટે છે. તેની આસપાસ કોઈ ધર્મ રચાય છે. પેલી વ્યક્તિ આવે છે. તે પોતે કોઈ દિવ્ય સત્યનો અવતાર તો હોય છે જ અને તેનો તે પ્રકાશ કરી જાય છે. પરંતુ માણસો તે સત્યનો કબજો લઈ લે છે, તેનો વેપાર આદરે છે. અને તેમાંથી લગભગ રાજકીય કહેવાય એવું તંત્ર ઊભું કરી દે છે. માણસો ધર્મને નીતિ-નિયમો, સિદ્ધાંતો, મંતવ્યો, વિધિઓ, નિયમો અને ક્રિયાઓ વગેરે વાળી એક સરકારથી સજ્જ કરી દે છે અને એ ધર્મના જે અનુયાયીઓ હોય તેમને માટે એ બધું બંધનકર્તા બની રહે છે. એની સામે કશો વિરોધ કરી શકાય તેમ રહેતું નથી. રાજ્યની પેઠે ધર્મ પણ પોતાના વફાદાર અનુયાયીઓને ઇનામ આપે છે, અને જેઓ આડે માર્ગે જાય છે, અથવા તો તેની સામે બળવો કરે છે, યા તો જેઓ તેના વાડામાંથી નાસી છૂટે છે કે પ્રભુનિંદ હોય છે તેમને તે શિક્ષા પણ કરે છે.

આવા બાહ્ય અને સ્થાપિત ધર્મોનું પહેલું અને મુખ્ય મંતવ્ય હંમેશાં આ પ્રમાણે હોય છે : 'મારા ધર્મમાં પરમ સત્ય રહેલું છે તે કેવળ સત્ય છે, બીજા બધા ધર્મો અસત્ય છે, અથવા મારા ધર્મથી ઊતરતા છે.' પોતાના મૂળમાં આવા કોઈ મંતવ્ય સિવાય કેવળ માન્યતાઓ ઉપર રચાયેલા રૂઢિપ્રધાન ધર્મો ટકી જ ન શકે. 'અમારી પાસે જ એકમાત્ર, અથવા તો ઊંચામાં ઊંચું સત્ય છે,' એવું તમે માનતા ન હો અને જાહેર ન કરો તો તમે લોકોના ઉપર છાપ નહિ પાડી શકો અને તમારી આજુબાજુ તેમનું ટોળું નહિ જમાવી શકો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૮૩થી ૮૫)

## ધર્મોની ઉપયોગિતા

ધર્મનાં મંતવ્યો અને સિદ્ધાંતો માનવ મનનાં જ બનાવેલાં છે. તમે જો એ મંતવ્યોને જ વળગી રહેશો, તમારે માટે કોઈએ ઘડી આપેલી જીવન પ્રણાલિકામાં જ પુરાઈ રહેશો તો એનો અર્થ એ છે કે આ સર્વ મંતવ્યો અને સિદ્ધાંતોથી પર આવેલું એક વિશાળ, મહાન અને નિર્બંધ આધ્યાત્મિક સત્ય તમે જાણતા નથી અને જાણી શકવાના પણ નથી. જ્યારે કોઈ ધાર્મિક સંપ્રદાયનો કે મતનો સ્વીકાર કરીને તમે તેની જ અંદર પોતાને બાંધી રાખો છો, તથા દુનિયાભરમાં કેવળ તે જ સત્ય છે એમ માની લો છો ત્યારે તમારા અંતરાત્માની પ્રગતિ તથા વિસ્તાર થતો તમે અટકાવો છો.

પરંતુ એક બીજા દૃષ્ટિબિંદુથી જોતાં ધર્મ સૌ કોઈને અંતરાય રૂપ જ નીવડવો જોઈએ એવું નથી. ધર્મને તમે માનવજાતિની એક ઉચ્ચ પ્રવૃત્તિ ગણો અને મનુષ્યકૃત બધી વસ્તુઓમાં હોય છે તેવી અપૂર્ણતા તેમાં પણ હોઈ શકે એ ભૂલ્યા વિના તેમાં તમે માનવહૃદયની અભીપ્સાનું પ્રાક્ટય જોઈ શકો, તો આધ્યાત્મિક જીવનને પ્રાપ્ત કરવામાં એ ધર્મ પણ તમને એક પ્રકારે સહાયરૂપ થઈ શકે. ધર્મનું ગંભીર અને લાગણીપૂર્વક અનુસરણ કરીને તમે જોઈ શકશો કે એની પાછળ કઈ અભીપ્સા છુપાયેલી પડી છે, એના મૂળમાં કઈ દિવ્ય પ્રેરણા હતી કે જેને અહીં માનવબુદ્ધિએ તથા મનુષ્યની સંસ્થાઓએ આમ બદલી નાખી છે, વિકૃત કરી નાખી છે. અને એક સમુચિત માનસિક વલણ ધારણ કરીને તમે ધર્મ પાસેથી, તેના અત્યારના સ્વરૂપમાં પણ, તમારા માર્ગ માટે પ્રકાશ પ્રાપ્ત કરી શકો, તમારી આધ્યાત્મિક સાધનામાં કંઈક ટેકો મેળવી શકો.

સઘળા ધર્મોમાં એવા માણસો અચૂક મળી આવે છે જેમની પ્રકૃતિ ઘણી ભાવપ્રધાન હોય છે, અને જેમના અંતરમાં સાચી અને દર્દભરી અભીપ્સા હોય છે. પરંતુ તેમની બુદ્ધિ બહુ જ સરળ હોઈ જ્ઞાનમાર્ગે પ્રભુની સમીપ જવાની જરૂર તેઓને જણાતી નથી. એવી પ્રકૃતિવાળાઓને ધર્મ ઘણો ઉપયોગી થઈ પડે છે, અને તેમને માટે તે જરૂરી પણ હોય છે. મંદિરોમાં થતી વિધિઓ જેવા ધાર્મિક બાહ્યાચાર વડે તેમનામાં રહેલી આધ્યાત્મિક અભીપ્સાને એક પ્રકારનો ટેકો તથા પુષ્ટિ મળે છે.

દરેક ધર્મમાં ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરેલું હોય એવી વ્યક્તિઓ મળી આવે છે. પરંતુ તેમની આધ્યાત્મિકતા ધર્મને આભારી નથી હોતી. ઊલટું તેમણે પોતે જ પોતાની આધ્યાત્મિકતા ધર્મને ધીરેલી હોય છે. તેઓ બીજે કોઈ સ્થળે મુકાયા હોત કે બીજા કોઈ સંપ્રદાયમાં જન્મ્યા હોત તો ત્યાં પણ તેમને એની એ આધ્યાત્મિકતા મળી રહેત અને ત્યાં પણ તેઓ એ જ આધ્યાત્મિક જીવન ગાળતા હોત. એટલે કે તેમણે જે ઉન્નતિ પ્રાપ્ત કરી છે તે તેમણે સ્વીકારેલા ધર્મના બળે નહિ, પરંતુ તેમની પોતાની શક્તિને, તેમના પોતાના અંતરાત્માની શક્તિને જ આભારી હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૮૫-૮૬)

*

## પોતાનો ધર્મ શોધી લેવો

જે ધર્મમાં તમે જન્મ્યા હો યા ઊછર્યા હો તેનું સાચું મૂલ્ય તમારે આંકવું હોય, અથવા તો જે દેશ કે સમાજમાં તમારો જન્મ થયો હોય તેનું યથાર્થ સ્વરૂપ સમજવું હોય, અર્થાત્, જે અમુક પરિસ્થિતિમાં તમે બંધાઈ રહ્યા છો કે પછી મુકાયા છો તે કેટલી તો સાપેક્ષ છે તેની ખાતરી કરવી હોય, તો તમે ફક્ત એક જ વાર પૃથ્વીનું પર્યટણ કરી આવો. તમને જણાશે કે તમે જેને 'સારું' કહો છો તેને બીજે ઠેકાણે 'નઠારું' ગણવામાં આવે છે અને કેટલાક લોકો જે વસ્તુને 'ખરાબ' કહે છે તેને બીજે કોઈ સ્થળે 'સારી' તરીકે પણ આવકાર મળે છે. સર્વ રાષ્ટ્રો અને સઘળા ધર્મોની પ્રતિષ્ઠા પરાપૂર્વથી ચાલી આવતી અમુક રૂઢ માન્યતાઓ ઉપર જ બંધાયેલી છે. સર્વ ધર્મોમાં તમને સંતો, વીર પુરુષો, મહાન અને સમર્થ વ્યક્તિઓ તથા સાથે સાથે સંકુચિત હૃદયના અને દુષ્ટ પુરુષો પણ મળી આવશે. એ જાણ્યા પછી, 'અમુક ધર્મમાં હું ઊછર્યો છું તેટલા માટે ફક્ત તે જ સાચો છે,' યા તો 'હું અમુક દેશમાં જન્મ્યો છું માટે તે બીજા સર્વે દેશો કરતાં ચઢિયાતો છે,' એ પ્રમાણે કહેવું કેટલું હાસ્યાસ્પદ છે તેનું તમને જ્ઞાન થશે. એ પ્રમાણે તો પોતાના કુટુંબ માટે પણ ઉત્કૃષ્ટતાનો દાવો કરી શકાય કે, 'આટલાં બધાં વર્ષોથી યા તો આટલી બધી સદીઓથી અમુક સ્થળે રહેનાર કુટુંબમાં હું જન્મ્યો છું, તેટલા માટે તેની પ્રણાલી પાળવાને હું બંધાયેલો છું, કારણ કે એ પ્રણાલી જ આદર્શ છે.'

જ્યારે તમે અમુક વસ્તુનો તમારી પોતાની સ્વતંત્ર ઇચ્છાથી સ્વીકાર કરો, ત્યારે જ તેમાં આધ્યાત્મિક મૂલ્ય પ્રગટે છે, તે તમારે માટે વાસ્તવિક બને છે, તમારા પર એ વસ્તુ લાદવામાં આવેલી હોય ત્યારે નહિ. તમારે માટે ખરેખર કયો ધર્મ નિર્માયો છે, કયો દેશ નિર્માયો છે, અરે, તમારું ખરેખરું કુટુંબ પણ કયું છે તે તમારે પોતે જ પસંદ કરીને શોધી લેવાનું છે. કેવળ પ્રારબ્ધવશાત્ તમને જે કાંઈ મળ્યું હોય તેનો કશી શંકા કર્યા વિના તમે સ્વીકાર જ કર્યે જશો તો તે વસ્તુઓ તમારા હિતની છે કે નહિ, તમારા જીવનમાં એને સાચું સ્થાન છે કે નહિ તે તમે કદી નિશ્ચયપૂર્વક જાણી નહિ શકો.

પ્રકૃતિના અંધ યાંત્રિક વ્યાપાર દ્વારા સર્જાયેલી અને તમારા પર લદાયેલી તમારી પરિસ્થિતિમાંથી, તમને વારસામાંથી મળેલા સંજોગોમાંથી તમે અલગ થઈ જાઓ, તમારી આંતર ચેતનામાં પ્રવેશ કરો અને બધા પદાર્થો તરફ શાંત ભાવે રાગદ્વેષથી મુક્ત બની દૃષ્ટિ કરો, તેમનું મૂલ્ય આંકો, સ્વતંત્ર રહીને તેમની પસંદગી કરો. એ રીતે વસ્તુઓનું આંતરિક સત્ય જાણ્યા પછી તમે કહી શકશો કે 'આ મારું કુટુંબ છે, આ મારો દેશ છે, આ મારો ધર્મ છે.'

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૮૮-૮૯)

*

## ધર્મ લાદી શકાય નહિ

તમારા બધા સંબંધોને તમારે અંતરાત્માના સ્વતંત્ર નિર્ણય પ્રમાણે નવેસરથી રચવાના છે. જે રૂઢ પ્રણાલિકાઓમાં તમે અત્યારે જીવન ગાળી રહ્યા છો, યા તો જેમાં તમે મોટા થયા

છો તે પ્રણાલિઓ કાં તો પરિસ્થિતિના દબાણને લીધે યા તો સામાજિક માન્યતાઓ કે બીજી વ્યક્તિઓને લીધે તમારા ઉપર બહારથી લદાયેલી છે. તમે અત્યારે તેને જે અનુભૂતિ આપી રહ્યા છો તેમાં ફરજિયાતપણાનું તત્ત્વ રહેલું છે. ધર્મ પોતે પણ એ પ્રમાણે માણસોના ઉપર ફરિજયાતપણે લદાયેલી વસ્તુ છે. એ ધર્મની સત્તા ટકાવવા માટે કોઈ ને કોઈ ધાર્મિક ભય અથવા આધ્યાત્મિક કે બીજી કોઈ ધમકીનો ઘણી વાર આશ્રય લેવાય છે. પ્રભુ સાથેના તમારા સંબંધમાં એવી કોઈ પણ જાતની બીકને યા તો ધમકીને જરા પણ સ્થાન હોઈ શકે નહિ. એ સંબંધો તો તદ્દન સ્વતંત્ર રીતે, તમારા પોતાના મનની તથા હૃદયની પસંદગીમાંથી જ રચાવો જોઈએ. તેનો સ્વીકાર ઉત્સાહ તથા આનંદપૂર્વક થવો જોઈએ. જે સંબંધમાં વ્યક્તિ ભયથી ધ્રૂજતાં ધ્રૂજતાં કહે કે, 'મને ફરજ પડે છે, હું બીજું કાંઈ કરી શકું તેમ નથી,' એવા સંબંધમાં તે કઈ રીતની એકતા આવી શકે ?

સત્ય તો સ્વયંપ્રકાશ છે. જગત ઉપર તેને લાદવાનું નથી. સત્યને એવું કદી થતું નથી કે માણસો મારો સ્વીકાર કરી લે કારણ કે એ પોતે જ સ્વયંભૂ, સ્વયંસિદ્ધ છે. સત્ય કાંઈ લોકોની માન્યતા ઉપર કે તેમના અનુસરણ ઉપર જીવતું નથી. પરંતુ જ્યારે માણસ પોતે થઈને કોઈ ધર્મ સ્થાપવા નીકળે છે ત્યારે તેણે અનેક અનુયાયીઓ મેળવવાના હોય છે. માણસો ધર્મની મહત્તાનું અને શક્તિનું માપ તેના અનુયાયીઓની સંખ્યા પરથી કાઢે છે, જોકે સાચી મહત્તા એવી સંખ્યામાં નથી જ રહેલી. કોઈ પણ આધ્યાત્મિક સત્યની મહત્તા એવી સંખ્યા ઉપર આધાર રાખતી નથી. મારે એક નવા ધર્મના આચાર્યને મળવાનું થયું હતું. એના સ્થાપકનો તે પુત્ર હતો. તે મને કહેવા લાગ્યો કે અમુક ધર્મને સ્થાપન થતાં આટલી સદીઓ થઈ. અને અમુકને બંધાતાં આટલી સદીઓ થઈ. અને એના પોતાના ધર્મને તો ૫૦ વર્ષની અંદર જ ૪૦ લાખ અનુયાયીઓ મળી ગયા. 'જુઓ, અમારો ધર્મ કેટલો મહાન છે !' તેણે ઉમેર્યું. ધર્મની મહત્તા ભલે તેના અનુયાયીઓની સંખ્યા ઉપરથી મપાય. પરંતુ એક પણ અનુયાયી ન હોય, છતાં સત્ય તો સત્ય જ રહેવાનું છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૯૦-૯૧)

## પૂજા અને ધાર્મિક જીવન

તમારા પત્રમાં જે પ્રકારની પૂજા વિશે જણાવાયું છે તે ધાર્મિક જીવનને લગતી પૂજા છે. એ પૂજા ગહન ધાર્મિક ભાવપૂર્વક યોગ્ય રીતે કરવામાં આવે તો મન અને હૃદયને અમુક હદ સુધી તૈયાર કરી શકે; પરંતુ એનાથી વધુ કંઈ નહિ. અલબત્ત પૂજા જો ધ્યાનના અંગરૂપ આધ્યાત્મિક વાસ્તવિકતાને ચેતના પરત્વેની સાચી અભીપ્સા સહિત કરવામાં આવે; તેમ જ ઈશ્વર સાથે સંપર્ક કેળવી એકતા સિદ્ધ કરવાની ઝંખના સહિત આ પ્રકારની પૂજા કરવામાં આવે તો એ આધ્યાત્મિક રીતે અસરકારક બની શકે. અને તમારા હૃદય તથા આત્મમાં આધ્યાત્મિક પરિવર્તન માટેની સત્યનિષ્ઠ અભીપ્સા હોય તો પછી તમને માર્ગ તેમ જ માર્ગદર્શક મળી રહેશે. આત્માના દ્વારને ખુલ્લું કરવા માટે માત્ર મનોમય ઝંખના અને મનોમય પ્રશ્નો પૂરતાં નથી.

(CWSA 28 : 420)

## ધાર્મિક વિધિઓ શું મદદરૂપ થઈ શકે ?

**મધુર માતાજી, જેમનામાં સામાન્ય ચેતના હોય છે તેમના માટે ધાર્મિક વિધિઓ ઘણી અગત્યની હોય છે ?**

ધાર્મિક વિધિઓ ? હું જાણતી નથી ! ધાર્મિક ક્રિયાઓ એટલે તમે શું કહેવા માગો છો ?

**જપ વગેરે.**

અહીં, તે વસ્તુઓ ! જો તે તમને મદદ કરે તો સારી છે. જો તે તમને સહાયરૂપ ન હોય તો, તે ફક્ત... આ વસ્તુ સાપેક્ષ વસ્તુ માંહેની એક છે. તે બિલકુલ સાપેક્ષ છે. તેનું મૂલ્ય તમારા ઉપર શી અસર થાય છે તેના ઉપર અને તમને તેમાં કેટલો વિશ્વાસ છે તેના ઉપર આધારિત છે. જો તમને એકાગ્ર થવામાં મદદ કરે તો તે સારું છે, સામાન્ય ચેતના તેને વહેમની દૃષ્ટિએ કરે છે. એવા ખ્યાલથી કે, ''જો હું આ વસ્તુ કરીશ, જો હું મંદિરમાં કે દેવળમાં અઠવાઠિયે એક વખત જઈશ, જો હું પ્રાર્થના કરીશ તો મારું ઘણું સારું થશે.'' આ એક વહેમ છે અને આખા જગતમાં પ્રસરેલો છે, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ તેની કોઈ કિંમત નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૮૬-૧૮૭)

*

## ધાર્મિક સ્થળો અને પ્રાણમય સ્વરૂપો

બધાં જ ધાર્મિક સ્મારકોમાં, જે સ્થળો સૌથી શ્રેષ્ઠ ધાર્મિક સ્થળો ગણાય છે, પછી તે ફ્રાન્સમાં હોય કે બીજા કોઈ દેશમાં હોય કે જાપાનમાં હોય – તે એક જ મંદિરો કે દેવળો કે તેના તે જ દેવો નહોતા અને તેમ છતાં મારો અનુભવ તો એક જ પ્રકારનો હતો, કાંઈક સહેજ ફેરફારવાળો કે દેવળમાં જે કોઈ એકત્રિત શક્તિ થયેલી તે તેના વફાદાર અનુયાયીઓની શ્રદ્ધા ઉપર જ આધારિત હતી. અને તેમ છતાં જે શક્તિ ખરેખર ત્યાં હાજર હતી અને જે શક્તિ તે અનુયાયીઓ અનુભવતા તેમાં ઘણો મોટો તફાવત હતો. દા.ત. મેં એક ફ્રાન્સના સૌથી સુંદર દેવળમાંના એકમાં, જેને કલાત્મક દૃષ્ટિએ જોઈએ તો કલ્પનામાં પણ ન આવી શકે એવું ભવ્ય સ્મારક હતું – તેમાં એક સૌથી પવિત્ર જગામાં એક રાક્ષસી કાળો, પ્રાણિક કરોળિયો જોયો, જેણે પોતાની જાળ સમગ્ર જગા ઉપર પાથરેલી અને લોકોની ભક્તિમાંથી, પ્રાર્થનાઓમાંથી ઉત્પન્ન થતી બધી શક્તિઓને તે ગળી જતો હતો. તે કાંઈ બહુ આનંદદાયક દૃશ્ય નહોતું; જે લોકો ત્યાં હાજર હતા અને પ્રાર્થના કરતા હતા તેમને દિવ્ય સ્પર્શ મળતો, તેમની પ્રાર્થના દ્વારા તેમને જુદા જુદા આશીર્વાદો મળતા, અને તેમ છતાં ત્યાં આ વસ્તુ હતી. પરંતુ તેમની શ્રદ્ધામાં કાંઈક કાંઈક એવું હતું જે અનિષ્ટ વસ્તુને પોતાની અંદર શુભ વસ્તુમાં ફેરવી નાખતું, તેમને પોતાની શ્રદ્ધા હતી. તેથી ખરેખર, જો મેં ત્યાં જઈને તેમને કહ્યું હોત, ''તમે એમ ધારો છો કે તમે ભગવાનની પ્રાર્થના કરો છો ? એ તો એક પ્રાણિક કરોળિયો છે જે શક્તિઓના આહાર ઉપર જીવે છે !'' તો તે વસ્તુ ખરેખર કાંઈ ઉદાત્ત ન ગણાય. અને આ જ વસ્તુ બધો જ સમય બધી જ જગાએ બને છે; ત્યાં એક પ્રાણિક શક્તિ છે, અને આ બધાં પ્રાણિક

સત્ત્વો માનવલાગણીનાં આંદોલનોનું ભક્ષણ કરે છે અને ઘણાં ઓછા માણસો, બહુ ઓછા, બિલકુલ નજીવી સંખ્યામાં લોકો સાચી ધાર્મિક ભાવનાથી દેવળોમાં કે મંદિરમાં જાય છે, એટલે કે પ્રાર્થના કરીને દેવ પાસેથી કંઈ લેવા માટે નહિ પણ પોતાની જાતનું અર્પણ કરવા, આભાર માનવા, અભીપ્સા કરવા અથવા પોતાની જાતનું સમર્પણ કરવા માટે. લાખોમાંથી ભાગ્યે જ એકાદ આ પ્રકારની વ્યક્તિ હશે. એટલે તેમનામાં આ પ્રકારના વાતાવરણને ફેરવી નાખવાની શક્તિ ન હોય. કદાચ તેઓ ત્યાં હોય ત્યારે આ વસ્તુને ભેદીને કોઈ જગાએ પહોંચીને પ્રભુનો સ્પર્શ પામી શકે. પરંતુ જે મોટો માનવસમુદાય, જે ફક્ત વહેમથી, અહંકાર કે સ્વાર્થથી ત્યાં જાય છે તેઓ આ પ્રકારના વાતાવરણનું સર્જન કરે છે અને તમે જ્યારે દેવળ કે મંદિરમાં જાઓ ત્યારે આ પ્રકારના વાતાવરણમાં શ્વાસ લો છો. ફક્ત તમે ખૂબ શુભ ભાવનાથી જાઓ છો અને તમે તમારી જાતને કહો છો, ''ઓહ, ધ્યાન કરવા માટે કેટલું શાંત સ્થળ છે !''

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૮૭-૧૮૮)

*

## સામાન્ય જીવનમાં ધર્મોની જરૂરિયાત

**મધુર માતાજી, સામાન્ય માનવીના જીવનમાં ધર્મ શું જરૂરની વસ્તુ છે ?**

એક રીતે જોતાં જીવનમાં તે એક જરૂરિયાત છે, કારણ કે તે સામૂહિક અહંતા પર અંકુશ મૂકે છે. તે અંકુશ વગર સામૂહિક અહંતા ખૂબ વધી જાય.

સામૂહિક ચેતનાનું સ્તર હંમેશાં વ્યક્તિગત ચેતનાના સ્તર કરતાં નીચું હોય છે. દા.ત. જ્યારે માણસો મોટી સંખ્યામાં એકઠા મળતા હોય છે ત્યારે ચેતનાનું સ્તર બહું નીચે જતું હોય છે. ટોળાંની ચેતના વ્યક્તિની ચેતના કરતાં ઘણી નિમ્ન પ્રકારની હોય છે. સમાજની સામૂહિક ચેતના તેનાં ઘટક વ્યક્તિઓની ચેતના કરતાં ઘણી નિમ્ન હોય છે.

ત્યાં ધર્મની જરૂર છે. સામાન્ય જીવનમાં, માણસ જાણતો હોય કે ન જાણતો હોય, પણ માણસને ધર્મ હોય છે, પણ તેમાં ધર્મનો હેતુ નિમ્ન પ્રકારનો હોય છે, તે જે દેવની પૂજા કરતો હોય છે તે સફળતાનો અથવા પૈસાનો દેવ હોય, સત્તાનો દેવ હોય, અથવા માત્ર કુટુંબનો, બાળકોનો, પૂર્વજોનો દેવ હોય છે. પણ હંમેશાં ધર્મ હોય છે ખરો. વ્યક્તિ અનુસાર, ધર્મની ગુણવત્તા ભિન્ન ભિન્ન હોય છે. જીવન જીવવા માટે, તેમાં ટકી રહેવા માટે, માણસને એવા કોઈ પ્રારંભિક આદર્શની જરૂર પડતી હોય છે, જે તેના અસ્તિત્વનું કેન્દ્ર બની શકે. ઘણી વાર તો તે પોતે તે વાત જાણતો હોતો નથી. જો તેને પૂછવામાં આવે કે તમારો આદર્શ શો છે ? તો તે તેનું સ્પષ્ટ વર્ણન નહિ કરી શકે. પણ તેને કોઈ અસ્પષ્ટ આદર્શ હોય છે ખરો, જે તેને જીવનમાં ખૂબ પરિપૂર્ણ વસ્તુ લાગતી હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૨૪-૩૨૫)

*

## સામાજીક - રાજકીય વિચારસરણીઓ અને ધર્મો

દરેક રાજકીય અથવા સામાજિક વિચાર કોઈ આદર્શની એક પ્રકારની નિમ્ન અભિવ્યક્તિ

હોય છે, જે આદર્શ પ્રાથમિક અવસ્થાનો ધર્મ છે. વિચાર-શક્તિનો ઉદય થતાં જ, માણસ રોજિંદા પાશવી જીવન કરતાં હર ક્ષણે કોઈક ઉચ્ચતર વસ્તુ પ્રત્યે જરૂર અભીપ્સા સેવવા લાગે છે; તેથી જ તેને જીવવા માટે શક્તિ અને શક્યતા મળતાં હોય છે.

અલબત્ત, એમ કોઈ કહી શકે કે સમૂહો માટે જે છે તે વાત વ્યક્તિઓને પણ લાગુ પડે છે; તેમના આદર્શનું, ધર્મનું જેટલું મૂલ્ય હોય છે તેટલું જ તેમનું મૂલ્ય હોય છે, અર્થાત્ જે ધર્મને કે આદર્શને તેઓ પોતાના અસ્તિત્વનું શિખર બનાવતા હોય છે.

અલબત્ત, જ્યારે આપણે ધર્મની વાત કરીએ છીએ ત્યારે એમ જણાય છે કે દરેક માણસને પોતાનો ધર્મ હોય છે (સ્વીકારાયેલા ધર્મોમાંનો કોઈક એક ધર્મ) પછી ભલે તે માણસ તે જાણતો હોય કે નહિ, પછી ભલે તે ઇતિહાસના મહાન ધર્મોમાં માનતો હોય. ભલે તે પોતાના ધર્મના સિદ્ધાંતોને ગોખી લે અને તેની વિધિ પ્રમાણે આચરણ કરે, પણ દરેક જણ પોતાની રીતે જ તે સમજતો હોય છે અને કાર્ય કરતો હોય છે, પછી ભલે તે ધર્મનું નામ એક જ હોય, પણ તે બધાં વ્યક્તિઓ માટે એક જ ધર્મ નથી હોતો.

આપણે કહી શકીએ કે આ અજ્ઞાત અને ઉચ્ચતમ પરમાત્મા પ્રત્યેની અભીપ્સાની અભિવ્યક્તિ સિવાય માનવ જીવન બહુ કઠિન બની જાય. જો માનવ હૃદયમાં કાંઈક વધારે સારી વસ્તુની આશા ન હોય, તો તેનામાં જીવવાની શક્તિ ન આવે.

(મૌન)

પણ મુક્ત રીતે વિચાર કરવાની શક્તિ બહુ થોડા લોકોમાં હોય છે, એટલે કોઈ ધર્મમાં જોડાવું એ વધારે સહેલું થઈ પડે છે. તેનો સ્વીકાર કરવો, તે ધાર્મિક સમુદાયના એક સભ્ય બનવું તે વધારે સહેલું હોય છે. પોતાને માટે અલગ સંપ્રદાય રચવો તેના કરતાં તે વધારે સહેલું હોય છે. એટલે માણસ આ ધર્મનો હોય કે પેલા ધર્મનો, પણ તે માત્ર દેખાવ જ હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : ૩૨૫-૩૨૬)

*

## સંપ્રદાયોની માન્યતાઓ અને ધાર્મિક અસહિષ્ણુતા

જગતમાં આવેલા સંપ્રદાયો અને ધર્મો એમ ગણતા હોય છે કે અમારી જે માન્યતાઓ છે તે જ જ્ઞાન છે અને બીજાઓની માન્યતાઓ તે ભૂલ છે, અજ્ઞાન અને મિથ્યાવાદ છે. આને લીધે જ એમનામાં જડ સિદ્ધાંતો બંધાઈ ગયેલા છે અને અસહિષ્ણુતા આવેલી છે.

આ એક સાદી માનસિક ક્રિયામાંથી જ તેઓ પોતે જે વસ્તુને સાચી માનતા હોય છે તેનો એક અફર સિદ્ધાંત બનાવી લે છે અને બીજા લોકો જે વસ્તુને સાચી માનતા હોય છે તેના ઉપર પ્રહારો કરે છે. આ વાક્યનો અર્થ આ છે. તમારું પોતાનું જ્ઞાન તે જ એક માત્ર સાચું જ્ઞાન છે, તમારી માન્યતા તે જ એકમાત્ર સાચી માન્યતા છે અને બીજાઓની માન્યતા તે સાચી વસ્તુ નથી એમ તમે જો માનવા લાગો તો તે જગતના બધા સંપ્રદાયો અને ધર્મો જે કરી રહ્યા છે તેના જેવું જ બનશે.

*



તમારી જાતનું તમે ઊંડું નિરીક્ષણ કરશો તો આ રીતની અસહિષ્ણુતા કઈ રીતે ઊભી થાય છે તેની આખી પ્રક્રિયા તમને સમજાઈ જશે અને તમે તરત જ બધો નકામો વાદવિવાદ બંધ કરી દઈ શકશો. એટલે આપણે મેં તમને પહેલાં જે વાત કહેલી છે તે ઉપર પાછા આવીએ છીએ. એ વસ્તુ તે એ કે તમે જગતના સત્યની સાથે જે રીતે સંપર્કમાં આવો છો એ તમારો અંગત સંપર્ક હોય છે અને એ સંપર્ક વત્તાઓછા પ્રમાણમાં સુસ્પષ્ટ, ગહન, વિશાળ તેમ જ વિશુદ્ધ રીતનો હોય છે અને એમાંથી તમને, ખાસ કરીને તમને પોતાને જ, એક રસપ્રદ અને કદીક તો નિશ્ચયાત્મક રીતનો અનુભવ પણ મળી આવતો હોય છે. પરંતુ આવી રીતના સંપર્કમાંથી તમને જે એક નિશ્ચયાત્મક મહત્ત્વનો અનુભવ મળ્યો હોય છે તેથી તમારે એમ માની લેવાનું નથી કે એ એક સર્વસામાન્ય અનુભવ હોય છે. અને એ જ રીતનો સંપર્ક બીજાઓને એ જ રીતનો અનુભવ મેળવી આપશે. તમે જો આ વસ્તુ સમજી લઈ શકો કે આ તો એક કેવળ અંગત રીતની, વ્યક્તિગત, આત્મલક્ષી વસ્તુ જ છે, એ કોઈ અનન્ય અને સર્વવ્યાપક નિયમ નથી, તો પછી તમે બીજાઓના જ્ઞાનનો તિરસ્કાર કરી શકશો નહિ અથવા તો તમારું જે દૃષ્ટિબિંદુ તેમ જ અનુભવ હશે તે બીજાઓના ઉપર લાદવાની ઇચ્છા તમને થશે નહિ. અને આ રીતે તમે તમામ માનસિક ઝગડાઓ, કે જે હંમેશાં સાવ નકામા જ હોય છે તે ટાળી દઈ શકશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૨૬-૨૭)

*

# ધર્મો અને આધ્યાત્મિક સાક્ષાત્કાર

ઘણા ખરા ધર્મો પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર કરે છે અને પ્રભુની આજ્ઞાનું અનુસરણ કરવાના નિયમો ઘડી કાઢે છે. કેટલાક ધર્મો પ્રભુવિહીન હોય છે : જેમ કે સામાજિક, રાજકીય સંગઠનો, જે કોઈ આદર્શ કે રાષ્ટ્રના નામે એમની આજ્ઞાનું અનુસરણ થાય એવો હક જમાવે છે.

સત્યની ઝંખના સ્વતંત્ર રીતે કરવી અને મુક્તપણે સત્ય સમીપ જવું એ છે માનવનો અધિકાર. પરંતુ પ્રત્યેક વ્યક્તિએ એ જાણવું જોઈએ કે એની સત્યની શોધ એના એકલા માટે જ સારી હોય છે, એને અન્યો ઉપર લાદવી જોઈએ નહિ.

(CWM 13 : 207)

*

આધ્યાત્મિક સાક્ષાત્કાર એટલે પોતાની અંદર (અથવા બહાર, પરંતુ એ પ્રદેશમાં એનો અર્થ એક જ થાય છે,) ભગવાનના ચૈતન્યનો સ્પર્શ અને સર્વ દેશોમાં, સર્વ પ્રજાઓમાં અને સર્વ કાળમાં પણ ભગવાનનો સાક્ષાત્કાર તો એકસરખો જ હોય છે. ભગવાન સાથે તમારી ચેતનાનો સ્પર્શ થાય તો તે હંમેશાં એક જ પ્રકારે થાય છે. પછી તે ગમે તે સ્થળે કે ગમે તે કાળે હોય. ભગવાનને તમારી ચેતના સ્પર્શ કરતી હશે તો તેની રીત સદાસર્વદા અને સર્વત્ર એકસરખી જ હોય છે. અને છતાં ભેદ ઉપસ્થિત થાય છે તેનું કારણ એ છે કે આધ્યાત્મિક સાક્ષાત્કાર અને તેની વાણીમાં રજૂઆત એ બેની વચ્ચે એક ઊંડી ખીણ આવી રહેલી હોય છે. જેવો તમને એક આધ્યાત્મિક સાક્ષાત્કાર થયો (એ અનુભવ હંમેશાં તમારી આંતર ચેતનામાં થાય છે,) કે તુરત જ તમારી કેળવણી, તમારી માન્યતાઓ, તથા માનસિક વલણોને અનુસાર તે સાક્ષાત્કારનું તમારા બહિર્મુખ ચૈતન્યમાં અનુસ્વરૂપ ખડું થઈ જાય છે, અને એક કે બીજે રૂપે તે આકાર ધારણ કરે છે. સત્ય એક જ છે, તત્ત્વ એક જ છે. પરંતુ જે સ્વરૂપોમાં તે પ્રગટ થાય છે તે અસંખ્ય હોઈ શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૯-૨૦)

*

# આધ્યાત્મિક જીવન

## આધ્યાત્મિક જીવન અને સામાન્ય જીવન

આધ્યાત્મિક જીવન, ધાર્મિક જીવન અને સામાન્ય માનવજીવન, એ ત્રણેયના ભાગરૂપે નૈતિકતા આવે છે, પરંતુ વ્યક્તિએ એ ત્રણ વસ્તુઓને એક જ સમજવાનો ગોટાળો ન કરવો જોઈએ, પરંતુ એ ત્રણમાંથી કઈ વસ્તુ પોતે અપનાવવી છે તેનો નિર્ણય કરી લેવો જોઈએ. સામાન્ય માનવજીવન એટલે જાણે માનવચેતનાની સરેરાશ. એ જીવન પોતાના સાચા સ્વરૂપ અને પ્રભુથી વિભક્ત હોય છે અને મન, પ્રાણ તથા શરીરની અજ્ઞાનમૂલક આદતોને જોરે દોરવાયે જાય છે. ધાર્મિક જીવન, એ પણ, એની એ જ અજ્ઞાન માનવ પ્રકૃતિની ક્રિયા હોય છે, કેવળ એ સામાન્ય પાર્થિવતાથી અલગ થઈને પ્રભુ પ્રત્યે વળે છે અથવા વળવાને પ્રયત્ન કરે છે. આમ છતાં એ કોઈ રીતના જ્ઞાન વડે દોરવાતું નથી પરંતુ કેવળ સાંપ્રદાયિક સિદ્ધાંતો અને પંથ અથવા વાડાના કોઈ નિયમો વડે દોરવાય છે. એ બધા સંપ્રદાયો, પંથો અને મતો, પોતે આ પૃથ્વીની ચેતનાના બંધનમાંથી મુક્તિ પામીને કોઈ ઊર્ધ્વના આનંદલોકને પામવાનો માર્ગ શોધ્યો હોવાનો દાવો કરતા હોય છે. આધ્યાત્મિક જીવન પ્રત્યે ગતિ થવા માટે ધાર્મિક જીવન એ એક પ્રાથમિક શરૂઆત હોઈ શકે, પરંતુ મોટાભાગે એમાં એવું થાય છે કે વ્યક્તિ, એમાં કેવળ ધાર્મિક વિધિઓ, કર્મકાંડ અને ક્રિયાઓના ચક્રાવામાં ગોળ ગોળ ફર્યા કરે છે અને એનો કોઈ અંત આવતો નથી. આધ્યાત્મિક જીવનની પદ્ધતિ આથી અલગ રીતની હોય છે – એ સીધેસીધી, ચેતનાનું એટલે કે પોતાની અજ્ઞાન અને પોતાના સાચા સ્વરૂપ અને પ્રભુની વિખૂટી પડી ગયેલી ચેતનાનું, પરિવર્તન કરવાથી શરૂઆત કરે છે અને એક એવી મહત્તર ચેતનામાં પ્રવેશ કરે છે જ્યાં તેને પોતાનું સાચું સ્વરૂપ મળી આવે છે અને જીવનમાં પહેલવહેલો, પ્રભુ સાથેનો જીવંત સંપર્ક અને પાછળથી અદ્વૈત પણ મળી આવે છે. આધ્યાત્મિક સાધક માટે ચેતનાનું આ રીતનું પરિવર્તન જ પોતાને જોઈતી વસ્તુ હોય છે અને એને માટે બીજી કોઈ ચીજ અગત્ય ધરાવતી નથી. (CWSA 28 : 419)

*

## આધ્યાત્મિક જીવન અને ચમત્કારો

મોટાભાગના ધર્મપંથો માનવજાતની આ પ્રકારની માગણીમાંથી ઉત્પન્ન થએલા છે અને તેમના પાયામાં હું જેને ખુલ્લી રીતે 'પોલિટિકલ' કહું છું તેવાં કારણોસર, તેમના સ્થાપકોએ ઠીક ઠીક સંખ્યામાં ચમત્કારો કર્યાની વાતો મૂકવામાં આવેલી છે. આ પ્રકારની કંઈક અણઘડ કહી શકાય તેવી રીતે, એ લોકોએ અજ્ઞાની માણસોમાં એક એવા પ્રકારનો રસ ઉત્તેજિત કર્યો છે કે જેને લઈને કોઈ વ્યક્તિમાં દિવ્ય શક્તિ છે એમ તેઓ ત્યારે જ માની શકે છે, જ્યારે એ વ્યક્તિ, તેઓ જેને ચમત્કાર ગણતા હોય એવી કોઈ વસ્તુ કરી બતાવે. આ તો એક ભારે

અજ્ઞાનાવસ્થા કહેવાય, કારણ કે ખરું જોતાં ચમત્કારો કરવા માટે કોઈ પ્રકારની દિવ્ય ચેતના કે શક્તિની જરૂર નથી હોતી, પ્રાણમય જગતનાં નાનાં નાનાં સત્ત્વોની મદદથી ચમત્કારો થઈ શકે છે. એ સત્ત્વો ભૌતિક જગત સાથે સંપર્કમાં રહી શકે અને તેના ઉપર કાર્ય કરી શકે તેટલા પ્રમાણમાં પાર્થિવ હોય છે. ઊર્ધ્વ પ્રદેશોની ચેતનામાં રહીને ત્યાંથી બીજી બધી વચગાળાઓની ભૂમિકાઓ દ્વારા પ્રકૃતિ ઉપર કાર્ય કરવા કરતાં પ્રાણમય જગતનાં સત્ત્વોની મદદથી ચમત્કારો કરવા એ ઘણું સહેલું છે. જગતના લોકોની બુદ્ધિમાં એવું અનેક પ્રસંગે ઠસાવવામાં આવ્યું છે કે કોઈ વ્યક્તિ દિવ્ય છે એનો પુરાવો એ જ હોઈ શકે કે તે મૂએલાંને જીવતાં કરી શકે, રોગો મટાડે, અને એ પ્રકારની બીજી ઘણી વસ્તુઓ કરી શકે (મૂર્ખને ડાહ્યો કરવા સિવાયની).* હું તમને ખાતરીપૂર્વક કહું કે એમ કરી શકવું એ દિવ્યતાનો પુરાવો નથી; એથી તો માત્ર એટલું જ સાબિત થાય છે કે આ 'મહાપુરૂષો' પ્રાણમય જગતની શક્તિઓ સાથે સંપર્કમાં છે અને તે ભૂમિકાનાં સત્ત્વોની મદદ વડે આ બધા ચમત્કારો કરી શકે છે — બીજું કંઈ નહીં.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૯૨-૯૩)

## આધ્યાત્મિક જીવન અને ધ્યાન

ધ્યાનમાં ગાળેલા કલાકોની સંખ્યા આધ્યાત્મિક પ્રગતિની નિશાની નથી. જ્યારે તમારે ધ્યાન કરવાનો પ્રયત્ન ન કરવો પડે ત્યારે તે તમારી પ્રગતિની સાબિતી ગણાય.

એવી અવસ્થા આવે છે જ્યારે ધ્યાન થતું અટકાવવા માટે તમારે પ્રયત્ન કરવાની જરૂર પડે છે. એટલે કે ધ્યાન  ન કરવું મુશ્કેલ થઈ પડે છે, ભગવાન વિશે ચિંતન બંધ કરવું અઘરું લાગે છે. ચેતનાની સામાન્ય અવસ્થામાં આવી પડવું કપરું લાગે છે. જ્યારે ભગવાન ઉપર એકાગ્રતા કરવી, તેનું ધ્યાન કરવું એ તમારા જીવનની જરૂરિયાત જ થઈ પડે. જ્યારે તેના વિના તમે ચલાવી લઈ શકો નહિ અને તમે ગમે તે કાર્યમાં, ધ્યાન કરવાના કે બીજા કોઈ પણ પ્રકારના કાર્યમાં રોકાયા હો તો પણ સવારથી સાંજ સુધી ધ્યાન સહજ રીતે ચાલ્યા જ કરે, ત્યારે તમારી પ્રગતિ થયા વિશે તમે ખાતરી રાખી શકો. ત્યારે જ તમે ખરી પ્રગતિ કરી ગણાય, તમે ધ્યાન કરવા બેસો કે પછી હરોફરો અને કામકાજ કરતા રહો, પણ એ બધી સ્થિતિમાં તમારે એક જ વસ્તુ મેળવવાની છે, — સચેતનતા, ભગવાનની ચેતનાની અખંડ અનુભૂતિ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૨)

*

---

* હું ધારું છું કે આ અંગેની કથા મુસ્લિમ ધર્મમાં છે. એમ કહેવાતું કે ઈસુ ખ્રિસ્ત મરેલાં લોકોને જીવન આપે છે, માંદાંને સાજા કરે છે, મૂંગાંઓને બોલતા કરે છે, અને આંધળાંઓને દેખતાં કરે છે, એટલે એક દિવસ એમની પાસે એક બેવકૂફ માણસ લાવવામાં આવ્યો કે જેથી ઈસુ એને બુદ્ધિવાન બનાવે — અને ઈસુ ખ્રિસ્ત નાઠા ! એમને પૂછવામાં આવ્યું કે, 'નાસો છો કેમ ?' ત્યારે એમણે જવાબ આપ્યો કે, 'મારાથી બધું થઈ શકે છે પણ બેવકૂફને બુદ્ધિ આપવી મારા હાથમાં નથી.'

આપણે તો આપણાં સર્વ કાર્યોમાં ભગવાન ઉપર આપણી ચેતનાને એકાગ્ર કરવાનું માગી રહ્યાં છીએ. અર્થાત્, સર્વ કાળમાં, આપણાં સર્વે કર્મોમાં, આપણી એકેએક ગતિમાં આપણી ચેતના તેના ઉપર એકાગ્ર થવી જોઈએ એમ આપણે ઇચ્છીએ છીએ. અહીં કેટલાક સાધકો એવા છે કે જેમને ધ્યાન કરવાનું કહેવામાં આવ્યું છે. પરંતુ કેટલાક એવા પણ છે જેમને ધ્યાન કરવા માટે કદી પણ કહેવામાં આવ્યું નથી. પરંતુ એટલા ઉપરથી એમ નથી ધારી લેવાનું કે તેઓ પ્રગતિ કરતા નથી. તેઓ પણ નિયમન તો પાળતા હોય છે, પરંતુ તે જુદા પ્રકારનું હોય છે. કામ કરવું, ભક્તિપૂર્વક અને અંતરની સમર્પણવૃત્તિ જાગ્રત રાખીને કર્મ કરવાં એ પણ આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ છે. કેવળ ધ્યાનમાં જ નહિ, પરંતુ સર્વ સંજોગોમાં અને સઘળા સક્રિય જીવનમાં ભગવાન સાથે સતત અદ્વૈત અનુભવવું એ અંતિમ લક્ષ્ય છે.

કેટલાક લોકો જ્યારે ધ્યાન કરવા બેસે છે ત્યારે તેઓ એક એવી અવસ્થામાં પહોંચી જાય છે જે તેમને બહુ સુંદર અને આનંદદાયી લાગે છે. આત્મસંતોષી બનીને તેઓ એ સ્થિતિમાં બેસી રહે છે અને જગતને ભૂલી જાય છે. તેમના ધ્યાનમાં ખલેલ થતાં તેઓ ગુસ્સે થઈને અશાંત સ્થિતિમાં બહાર આવે છે, કારણ કે તેમને ધ્યાનમાં ભંગ થયેલો હોય છે. આ કાંઈ આધ્યાત્મિક પ્રગતિની કે નિયમનની નિશાની ન ગણાય, પ્રવૃત્તિમય જીવન ગુજારનારા કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ ચોક્કસ સમયે ધ્યાન કરવું એ જાણે ભગવાનને આપવાનું દેવું ન હોય એમ માનતા જણાય છે. દર અઠવાડિયે એક વાર દેવળમાં જઈને પોતે ભગવાનનું દેવું ચૂકવી આપ્યું એમ માનનારા જેવા જ આ લોકો પણ છે.

જો તમારે ધ્યાન કરવા માટે પ્રયત્ન કરવો પડતો હોય તો આધ્યાત્મિક જીવનથી હજી તમે ઘણા દૂર છો એમ સમજવું. ઊલટું, જ્યારે તમારે ધ્યાનમાંથી બહાર આવવા માટે પ્રયત્ન કરવો પડે તો જાણવું કે તમે આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરી ચૂકયા છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૩)

*

## આધ્યાત્મિક શિસ્ત અને આધ્યાત્મિકતા

હઠયોગ અને રાજયોગ જેવા યોગસાધનાના માર્ગો છે જેમનો અભ્યાસ કરવા છતાં આધ્યાત્મિક જીવન સાથે સાધકનો કશો જ સંબંધ હોય નહિ. હઠયોગ એ શરીર ઉપર સંયમ પ્રાપ્ત કરાવે છે. રાજયોગ મનનો સંયમ કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરવો એટલે તો દરિયામાં તમે જેમ ઝંપલાવો છો તેમ ભગવાનમાં ઝંપલાવવું, ભગવાનમાં જીવન ધારણ કરતાં શીખવું. 'તે કેવી રીતે કરવું ?' 'હું ક્યાં પડીશ ?' 'મારું શું થશે ?' વગેરે વિચારો કરવા થોભ્યા વગર સીધેસીધા ઝંપલાવી દેવાનું છે. તમારા મનનો સંકોચ તમને રોકી રાખે છે. તમારી જાતને કેવળ છૂટથી ઝંપલાવી દો. સમુદ્રમાં તમારે ભૂસકો મારવો હોય અને બધો વખત તમે વિચાર કર્યા કરો કે 'અહીં ખડક હશે તો ?', તો તમે ઝંપાપાત કરી શકશો જ નહિ.

અલબત્ત, જેમ દરિયામાં ઝંપલાવતાં પહેલાં તમે દરિયો જોયો હોવો જોઈએ, તથા તેને વિશે

કાંઈક જાણવું પણ જોઈએ તેમ આધ્યાત્મિક વાસ્તવિકતાની કાંઈક ઝાંખી તમને થયેલી હોવી જોઈએ. એ ઝાંખી ઘણુંખરું ચૈત્ય પુરુષની જાગૃતિ રૂપે થાય છે. કોઈ પણ પ્રકારનો સાક્ષાત્કાર થવો જરૂરી છે, – ભલે પછી તે ઊંડો અંતરાત્માનો, કે સમગ્ર ચેતનાને લગતો ન હોય. પરંતુ તે કોક પ્રબળ મનોમય યા તો પ્રાણમય પ્રકારનો હોવો જ જોઈએ, તમારી અંદર કે તમારી આજુબાજુ ભગવાનની હાજરી તમે અનુભવેલી હોવી જોઈએ. ભગવાનની દિવ્ય ભૂમિકાની હવાનો તમને સ્પર્શ થયેલો હોવો જોઈએ. અને તેની વિરુદ્ધ, સામાન્ય જીવનની ગૂંગળાવી નાખતી હવાનું દબાણ પણ તમે અનુભવ્યું હોવું જોઈએ અને એ ભારે વાતાવરણમાંથી બહાર નીકળવા માટે પ્રયત્ન કરવા માટે તમને પ્રેરણા થયેલી હોવી જોઈએ. જો તમે તે અનુભવ્યું હોય તો પ્રભુની દિવ્ય વાસ્તવિકતામાં તમારે અનન્ય ભાવે માત્ર શરણ લેવાનું છે. અને તેની, કેવળ તેની જ સહાય તથા રક્ષણમાં તમારે જીવન ગાળવાનું છે. તમારા સામાન્ય જીવનમાં તમે જે સમર્પણ કાંઈક અંશે અને અપૂર્ણપણે કરેલું હોય, યા તો તમારી પ્રકૃતિના કોઈ એક કે વધારે અંગોમાં કરેલું હોય, યા તો કોઈક વખતે અને વિશિષ્ટ સંજોગોમાં કરેલું હોય, તે તમારે સંપૂર્ણપણે અને સદાને માટે કરવાનું છે. એ ઝંપાપાત તમારે પોતે કરવાનો છે. તે કર્યા વિના તમે વર્ષો સુધી સાધના કર્યા કરો છતાં સાચા આધ્યાત્મિક જીવન વિશે તમને કાંઈ પણ જ્ઞાન ન મળે એ બનવા જોગ છે. સંપૂર્ણ ભાવે અને સમગ્ર ભાવે ઝુકાવો. આ બાહ્ય જગતની અવ્યવસ્થિતતાથી તમે મુક્ત થઈ જશો અને સાચા આધ્યાત્મિક જીવનનો અનુભવ મેળવશો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૩-૨૪)

*

## આધ્યાત્મિકતા અને સન્યાસવૃત્તિ

મનના ઘડેલા કોઈ પણ નિયમને માટે આશક્તિ હોવી એ માનવામાં હજી કોઈ સ્થળે છુપાઈ રહેલા અજ્ઞાનની નિશાની છે. દાખલા તરીકે, 'સંન્યાસ અને આધ્યાત્મિકતા બંને એક જ વસ્તુ છે,' એ પ્રકારે આખી દુનિયામાં પ્રચલિત બનેલા વહેમ વિશે વિચાર કરો. તમે કોઈ પુરુષને કે સ્ત્રીને આધ્યાત્મિક વ્યક્તિ તરીકે વર્ણવો એટલે ખાધાપીધા વિના રહેનાર, આખો દિવસ બોલ્યાચાલ્યા વિના સ્થિર બેસી રહેનાર, તદ્દન કંગાલ હાલતમાં ઝૂંપડામાં વસનાર, પોતાનું સર્વસ્વ ત્યાગી દેનાર અને પોતાને માટે કાંઈ પણ ન રાખનાર માણસનું ચિત્ર સોમાંથી નવ્વાણું લોકોના મનમાં એકદમ ખડું થાય છે. એ બિચારાઓને મન આધ્યાત્મિકતાની એક માત્ર સાબિતી ગરીબાઈ અને પ્રિય લાગે તેવી કે આરામ આપે એવી સઘળી વસ્તુથી દૂર રહેવું એમાં જ રહેલી હોય છે. હવે જો તમારે આધ્યાત્મિક સત્યનું દર્શન અને અનુસરણ કરવું હશે તો આ માનસિક વિચારને નાબૂદ કરવો પડશે, તમે આધ્યાત્મિક જીવન પ્રત્યે સાચી અભીપ્સાથી પ્રેરાયા હશો તથા તમારી ચેતનામાં અને તમારા જીવનમાં ભગવાનનો ભેટો અને સાક્ષાત્કાર કરવાની તમારી ઇચ્છા પણ હશે. પરંતુ બને એમ કે ભગવાનની શોધ કરતાં કરતાં તમે એવી જગાએ જઈ પહોંચો છો કે જે ઝૂંપડી જેવી બિલકુલ નથી. અને ત્યાં તમને એક દિવ્ય વ્યક્તિનો

ભેટો થાય છે. એ વ્યક્તિ આરામભર્યું જીવન ગાળતી હોય છે, છૂટથી ખાતીપીતી હોય છે, તેની આજુબાજુ સુંદર અથવા તો એશઆરામની વસ્તુઓ હોય છે. વળી એ પોતાની પાસે જે કાંઈ છે તે ગરીબોને વહેંચી આપતી પણ નથી હોતી, પરંતુ લોકો જે કાંઈ આપે છે તે સર્વનો પોતે સ્વીકાર અને ઉપભોગ કરતી હોય છે. તમારા માનસિક પૂર્વગ્રહને કારણે તમે એકદમ મૂંઝાઈ જાઓ છો અને બોલી ઊઠો છો કે, 'અરે ! આ શું ? હું તો એક આધ્યાત્મિક માણસને મળવા આવ્યો હતો.' આ ખોટી માન્યતાને તોડી પાડવાની અને તેને નિર્મૂળ કરવાની જરૂર છે. એક વાર એ તૂટી એટલે તમારા સંન્યાસપરાયણ સંકુચિત વિચાર કરતાં એક ઘણી વધારે ઉચ્ચ વસ્તુ તમને મળી આવશે. તમારા આખા અંતરને મુક્ત કરી દે એવી અંતરની સંપૂર્ણ નિર્બંધતા તમે અનુભવશો. એ મુક્ત સ્થિતિમાં જો તમને કોઈ વસ્તુ મળી આવે તો તેનો તમે સ્વીકાર કરી લેશો અને એ જ વસ્તુનો તમારે ત્યાગ કરવાનો આવે તો તે પણ એટલી રાજીખુશીથી તમે કરશો. વસ્તુઓ આવે છે, તમે સ્વીકારો છો; વસ્તુઓ જાય છે, તમે જવા દો છો. અને એ સ્વીકાર કરતાં કે ત્યાગ કરતાં તમારામાં સમતાનું સ્મિત એકસરખું જ રહે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૫૭-૫૮)

*

## સન્યાસની પદ્ધતિઓ અને સ્વનિયમન

**માતાજી, તપસ્વી પદ્ધતિઓ આત્મ-પ્રભુત્વ માટે કેટલીક વખત ઉપયોગી થતી નથી ?**

ના ! તમે કોઈ વસ્તુમાં સુધારો લાવતા નથી. તમે પ્રગતિ કરી છે એવો તમારી જાતને ભ્રમ થાય છે, પરંતુ તમે કોઈ વસ્તુનો ઇલાજ કરતા નથી. તેની સાબિતી એ છે કે જો તમે તમારી તપસ્વીની રીતોને અટકાવી દો, તો વસ્તુઓ પહેલાં કરતાં વધારે તાકાતવાન બને છે; તે વેર સહિત પાછી ફરે છે. તેનો આધાર તમે કોને તપસ્વીની પદ્ધતિઓ કહો છો તેના ઉપર છે. જો તમારી બધી જ કામનાઓને સંતોષવામાં રચ્યાપચ્યા ન રહેવું એ પદ્ધતિ હોય, તો તેને સંન્યાસીની પદ્ધતિ ન કહેવાય. તે સામાન્ય સૂઝ છે. તે કાંઈક બીજી જ વસ્તુ છે. તપસ્વીની પદ્ધતિઓ એટલે એવી વસ્તુઓ જેવી કે, વારંવાર ઉપવાસ કરવા, ઠંડી સહન કરવા માટે તમારી જાતને ફરજ પાડવી... હકીકતમાં, તમારા શરીરને થોડી વેદના આપવી. તે કોઈ વસ્તુ ઉપર પ્રભુત્વ નથી. તે તો ઘણું બધું સહેલું છે. લોકો એમ કરે છે કારણ કે તે ઘણું સહેલું છે, તે ઘણું સરળ છે, એટલા માટે કે તેમનું અભિમાન સંતોષાય અને તેમનું મિથ્યાભિમાન વધારે અને વધારે ફાલે અને ફૂલે, અને તે ઘણું સહેલું બને છે. માણસ પોતાના તપસ્વીના ગુણોનું મહાન પ્રદર્શન કરે છે અને પોતાની જાતને ઘણી અગત્યની ગણે છે, અને તેને લઈને ઘણી વસ્તુઓને સહન કરવા માટે આ તેમને મદદરૂપ થાય છે.

પોતાના આવેગો ઉપર શાંતિથી, સ્વસ્થતાથી સ્વામીત્વ મેળવવું ઘણું અઘરું છે અને તેમને બહાર દૃશ્યમાન થવામાંથી અટકાવવા તે તો તેનાથી પણ વધારે અઘરું છે, ખાસ કરીને ત્યાગીનાં પગલાં લીધા સિવાય તમારી માલિકીની જે વસ્તુઓ હોય તેના પર આસક્ત ન થવું

તે વધારે મુશ્કેલ છે. તમારી પાસે કાંઈ પણ ન હોય અને તમે અનાસક્ત હો, તે તો સમજાય તેવું છે. આ વસ્તુ તો સૈકાઓથી જાણીતી છે. કોઈ પણ વસ્તુ ઉપર માલિકી ન હોવી, અથવા તો પોતાની જરૂરિયાતોને બને તેટલી કડક રીતે કાપીને સૌથી ઓછી કરી નાખવી, તેના કરતાં તમે જે વસ્તુઓના માલિક હો તેની પ્રત્યે અનાસક્ત રહો તેમાં વધારે ગુણવત્તા છે, તે વધારે મુશ્કેલ છે. તેની નૈતિક કિંમત વધારે ઊંચી છે. ફક્ત આ વલણ; જ્યારે વસ્તુઓ તમારી પાસે આવે ત્યારે તમે તેને સ્વીકારી લો, તેનો ઉપયોગ કરો; એક યા બીજા કારણસર જ્યારે તે તમારી પાસેથી ચાલી જાય ત્યારે તેને જવા દો અને તેના માટે અફસોસ ન કરો. જ્યારે તે આવે ત્યારે તેને નકારો નહિ, તમારી જાતને કેવી રીતે તેમાં ગોઠવી દેવી તે જાણવું અને જ્યારે તે ચાલી જાય ત્યારે અફસોસ ન કરવો. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૪૧૫-૧૬)

*

## આધ્યાત્મિક જીવન અને નીતિમય જીવન

આધ્યાત્મિકતા સર્વમાં વ્યાપી રહેલા એક તત્ત્વનું દર્શન કરાવે છે એ સાચું છે, પરંતુ સાથે સાથે તે અનંત વિવિધતા – નાનાત્વનું દર્શન પણ આપે છે. એકતામાં સ્થિત રહીને તે વિવિધતા માટે કાર્ય કરે છે, એ વિવિધતામાં પૂર્ણતા પ્રકટાવવા પ્રયત્ન કરે છે. નીતિ જીવનના આ વૈવિધ્ય અને આત્માની સ્વાધીનતા એ બંનેથી વિરુદ્ધ એવું એક કૃત્રિમ ધોરણ ઊભું કરે છે. એક માનસિક પ્રકારનું મર્યાદિત અને જડ ધોરણ ઉત્પન્ન કરીને તે સઘળા માણસો પાસે તેનો સ્વીકાર કરવાની માગણી કરે છે. નીતિના આદર્શ પ્રમાણે તો સર્વ માનવોએ એક જ પ્રકારના ગુણો, એક જ જાતની આદર્શ પ્રકૃતિ પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરવો જોઈએ. નીતિ દૈવી નથી યા તો પ્રભુ તરફથી આવતી નથી. તે માનવકૃત અને માનવી છે. નીતિ પોતાના આધાર તરીકે વસ્તુઓમાં 'સારું' અને 'ખરાબ' એવો અવિચલ ભેદ સ્વીકારી લે છે, પરંતુ એ ભેદ સ્વચ્છંદી છે. નીતિ સાપેક્ષ વસ્તુઓને લઈને તેમને નિરપેક્ષ તરીકે ગણાવવાનો આગ્રહ કરે છે, પરંતુ એણે માની લીધેલું સારું અને નઠારું જુદા જુદા દેશકાળમાં જુદું જુદું હોય છે. નીતિના ખ્યાલ પ્રમાણે તો સારી ઇચ્છાઓ અને ખરાબ ઇચ્છાઓ પણ હોય છે, અને સારીનો સ્વીકાર તથા ખરાબનો ઇન્કાર કરવાને તે તમને આજ્ઞા કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવન તો ઇચ્છાઓનો સદંતર ઇન્કાર કરવાની તમારી પાસે માગણી કરે છે. એનો નિયમ એ હોય છે કે પ્રભુથી તમને દૂર ખેંચી જનારી સર્વે ક્રિયાઓ અને ગતિઓનો તમારે સદંતર ત્યાગ કરવાનો છે. પરંતુ એ ત્યાગ કરવાનું કારણ ઇચ્છાઓ પોતે જ ખરાબ છે એમ નથી. કારણ કે બીજા માણસ માટે, યા તો બીજા ક્ષેત્રમાં ઇચ્છાઓ હિતકારી પણ હોઈ શકે. પરંતુ ઇચ્છાઓ અંધકાર અને અજ્ઞાનથી ભરેલી શક્તિઓ તરફથી આવતી હોઈ પ્રભુની સમીપ જવાના તમારા માર્ગમાં બાધા રૂપ નીવડે છે. સઘળી ઇચ્છાઓ, સારી કે ખરાબ સર્વ, એ વ્યાખ્યામાં આવી જાય છે, કારણ કે અપ્રકાશિત અને અજ્ઞાન પ્રાણતત્ત્વમાંથી જ ઇચ્છાઓ ઉદ્ભવે છે. એથી ઊલટું, જે ક્રિયાઓ પ્રભુ સાથે તમારો સંબંધ કરાવે તે સર્વેનો તમારે સ્વીકાર કરવો જોઈએ. પરંતુ તે પોતે સારી છે તેથી નહિ,

પણ તે તમને પ્રભુ પાસે લઈ જાય છે તેથી જ તમે તેનો સ્વીકાર કરશો.

એટલે પ્રભુ પાસે તમને લઈ જાય એવી સઘળી વસ્તુનો સ્વીકાર કરો, તેનાથી તમને દૂર લઈ જાય તે સૌનો ઇન્કાર કરો. પરંતુ આ સારું છે ને આ ખરાબ છે એમ ન કહો, યા તો તમારું દૃષ્ટિબિંદુ બીજાઓના ઉપર ઠસાવવાનો પ્રયત્ન ન કરો. કારણ કે તેના વિકાસનો માર્ગ તમારા માર્ગથી અત્યંત ભિન્ન પણ હોઈ શકે. તમે જેને 'ખરાબ' કહેતા હો તે જ દિવ્ય જીવન પ્રાપ્ત કરવાને પ્રયત્ન ન કરનાર તમારા પાડોશીને માટે 'સારી' પણ હોઈ શકે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૩૧-૧૩૨)

*

## નૈતિક અને આધ્યાત્મિક શુદ્ધતા

જો તમે તમારું નૈતિક દૃષ્ટિબિંદુ સ્વીકારો, જે પોતે જ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી પૂરેપૂરું ખોટું છે — તો તમને એવા માણસો મળશે જેઓ પૂરેપૂરી નૈતિક જિંદગી ગાળતા હોય, સામાજિક નિયમો ને ધારાધોરણોને અને નૈતિક સિદ્ધાંતોને અનુસરતા હોય, તેમ છતાં તેઓ અશુદ્ધિઓનું જૂથ હોય, આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી તેઓ પૂરેપૂરા અશુદ્ધ હોય. જ્યારે કેટલાક એવા ગરીબ માણસો હોય છે જેઓ એવી વસ્તુઓ કરે છે જે નૈતિક અથવા સામાજિક દૃષ્ટિબિંદુથી બહુ આદરણીય ન હોય અને તેમ છતાં તેઓમાં એક આંતરિક અભીપ્સા અને આંતરિક સચ્ચાઈ હોય જેને લઈને તેઓ બીજાઓ કરતાં અમર્યાદ રીતે વિશુદ્ધ હોય. આ મહાન મુશ્કેલીઓમાંની એક છે. જેવી વ્યક્તિ વસ્તુઓ વિશે બોલવાનું શરૂ કરે છે કે તુર્ત જ આ બધા સામાજિક અને નૈતિક સિદ્ધાંતો અનુસાર ચેતનામાં વિકૃતિ દાખલ થાય છે. જેવા તમે વિશુદ્ધિ વિશે વાત કરો કે તુર્ત જ તમારી નજર સમક્ષ નૈતિક નિયમનોનું એક સ્મારક ઉપસ્થિત થાય છે જે તમારા ખ્યાલને ખોટો ઠેરવે છે. અને એ ખાસ નોંધો કે સામાજિક દૃષ્ટિબિંદુથી નૈતિક રહેવું એ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી નૈતિક રહેવા કરતાં ઘણું સહેલું છે. સામાજિક દૃષ્ટિબિંદુથી નૈતિકતા રાખવી એટલે કે બીજાઓએ જેને અનુમાતિ ન આપી હોય તેવું કાંઈ કરવું નહીં; આ થોડું અઘરું છે પણ તેમ છતાં એ અશક્ય નથી. અને તેમ છતાં આ પ્રમાણે કરતો હોવા છતાં માણસ બિનસચ્ચાઈ અને અશુદ્ધિનું સ્મારક બની રહે છે; જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી શુદ્ધ રહેવા માટે માણસે ખૂબ સજાગ, સચેતન રહેવું જોઈએ અને એક એવી સચ્ચાઈવાળા બનવું જે બધી જ કસોટીઓમાંથી પાર ઊતરે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૪૨૫-૨૬)

*

## આધ્યાત્મિક જીવન માટેની તૈયારી

**બાળક :** આપણે સાધના માટે તૈયાર છીએ એવું બતાવી આપે તેવાં કોઈ ચિહ્નો હોય છે ખરાં ? ખાસ કરીને તો આપણને જ્યારે કોઈ આધ્યાત્મિક શિક્ષક ન મળ્યા હોય ત્યારે ?

**શ્રી માતાજી :** હા, સૌથી વધુ મહત્વનું ચિહ્ન એ છે કે તમે સર્વ પરિસ્થિતિઓમાં સંપૂર્ણ રીતે સમતા રાખી શકો છો. એ એક બિલકુલ અનિવાર્ય એવો પાયો છે. એમાં તમે કોઈક અતિશય

શાંત, અતિશય સ્વસ્થ, ખૂબ જ શાંતિમય અવસ્થા પ્રાપ્ત કરી હોય છે. તમને કોઈ મહાન શક્તિનો અનુભવ થયો હોય છે. એ તમસ્‌માંથી આવતી શાંતિ નથી હોતી, પણ એકાગ્ર બનેલી શક્તિની લાગણી હોય છે. એ શક્તિ તમને ભલે ગમે તેવી ઘટના બને તો પણ, હંમેશાં સમતામાં રાખતી હોય છે, તમારા જીવનમાં તમને અતિશય ભયંકર લાગે તેવા સંયોગોમાં પણ – એ પહેલું ચિહ્ન છે.

બીજું ચિહ્ન : તમે એમ અનુભવવા લાગો છો કે તમે તમારી સામાન્ય સ્વાભાવિક ચેતનામાં પૂરેપૂરા કેદ બની રહેલા છો, એ જાણે કે કોઈ ખૂબ જ કઠણ, ગૂંગળાવી નાખે તેવી અને અસહ્ય વસ્તુ છે એમ લાગે છે — જાણે કે તમારે એક કાંસાની ભીંતમાં બાકોરું પાડવાનું છે. એ દબાણ લગભગ અસહ્ય બની જતું હોય છે અને એ ગૂંગળાવી નાંખતું હોય છે. તમારી અંદરથી, એમાંથી આરપાર નીકળી જવાનો પ્રયત્ન થતો હોય છે, પણ તમારાથી એમ બની શકતું નથી. આ પણ એક પ્રારંભનું ચિહ્ન છે. એનો અર્થ એ છે કે તમારી આંતર ચેતના એક એવા બિંદુએ પહોંચી છે કે જ્યાં તમારો બાહ્ય આકાર એને માટે બહુ જ નાનો બની રહેલો હોય છે. તમારો સામાન્ય જીવનનો ઢાળ, સામાન્ય પ્રવૃત્તિઓ, સામાન્ય સંબંધોનો ઢાળ, એ બધું જ ક્ષુદ્ર બની જતું હોય છે. એ બધું ભાંગી આપે એવી શક્તિ તમે તમારામાં અનુભવવા લાગો છો.

આ ઉપરાંત બીજું પણ એક લક્ષણ છે. તમે જ્યારે એકાગ્રતા કરતા હો છો, તમારામાં જ્યારે અભીપ્સા જાગતી હોય છે, ત્યારે તમે એવું અનુભવો છો કે તમારી અંદર ઊર્ધ્વમાંથી કશુંક નીચે આવી રહ્યું છે, તમને તમારી અભીપ્સાનો જવાબ મળતો રહે છે. તમે એક પ્રકાશ, શાંતિ, શક્તિને નીચે આવતાં અનુભવો છો અને લગભગ તરત જ, તમારે રાહ જોવાની, લાંબો વખત પસાર કરવાની જરૂર રહેતી નથી—માત્ર એક આંતરિક અભીપ્સા થાય, એક પુકાર થાય અને ઉપરથી જવાબ આવી મળે છે. એનો અર્થ એ પણ થાય છે કે ઊર્ધ્વની સાથે તમારો સંબંધ બરાબર સ્થપાઈ ચૂક્યો છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૧૧૧)

*

## આધ્યાત્મિક માર્ગે પ્રયાણ

**બાળક :** આપણે સાચેસાચ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશ કર્યો છે એમ ક્યારે કહી શકીએ ?

**શ્રી માતાજી :** એમાં પહેલું લક્ષણ (દરેકને માટે એક જ પ્રમાણે નથી હોતું) હું માનું છું કે, એવું હોય છે કે સમય જતાં તમને બીજી બધી વસ્તુઓ મહત્ત્વ વિનાની લાગે છે. સંજોગો એ રીતના ગોઠવાય છે તો તમારું આખુંયે જીવન, તમારી તમામ પ્રવૃત્તિઓ, સર્વે ક્રિયાઓ એમની એમ ચાલુ રહે છે. પરંતુ એ બધું તમને સાવ મહત્ત્વ વિનાનું લાગે છે. એ બધું તમારા અસ્તિત્વના હેતુરૂપ નથી રહેતું. હું માનું છું કે આ પ્રથમ લક્ષણ છે.

બીજી વસ્તુઓ પણ હોઈ શકે છે. દાખલા તરીકે, તમને એવી લાગણી થાય છે કે હવે એકેએક ચીજ બદલાઈ ગઈ છે, તમે હવે જુદી રીતે જીવન જીવી રહ્યા છો, તમારા મનમાં પહેલાં ન હતો તેવો પ્રકાશ આવ્યો છે, હૃદયમાં પહેલાં ન હતી તેવી શાંતિ આવેલી છે. આ

રીતનો એક ફેરફાર તો જરૂર થાય છે; પણ ખરો નક્કર ફેરફાર તો સામાન્ય રીતે પાછળથી થાય છે. એવો ફેરફાર, પહેલેથી જ બની આવે એવું તો ભાગ્યે જ બને છે; સિવાય કે તમે આધ્યાત્મિક જીવન ગાળવાનો નિર્ણય કરો, એ પરિવર્તનની ક્ષણે એકાદ ઝબકારામાં આવો ફેરફાર બની આવે. કોઈક વાર, એ ફેરફાર એક મોટા આલોકરૂપે શરૂ થાય છે — તમારી અંદર એક મોટો આનંદ દાખલ થઈ જાય છે, પણ સામાન્ય રીતે પછીથી એ પાછળના ભાગમાં ચાલ્યો જાય છે, કારણ કે તમારામાં હજી ઘણી બધી અપૂર્ણતાઓ ટકી રહેલી હોય છે. ... (એમાં કોઈ ઘૃણાનો ભાવ નથી હોતો, પણ દરેક વસ્તુ તમને એટલી બધી તો ઓછા રસવાળી લાગે છે કે એને વિશે કશી મહેનત કરવા જેવું તમને લાગતું નથી. દાખલા તરીકે, તમે અમુક સ્થૂલ પરિસ્થિતિઓની વચ્ચે હો છો, આનંદદાયક કે ઉદ્વેગકારક — એ બંને આત્યંતિક છેડા અડતા હોય છે ત્યારે તમે પોતાની જાતને કહેતા હો છો, 'એ બધું મને બહુ જ મહત્ત્વનું લાગતું હતું. પણ હવે એમાં કશું જ મહત્ત્વ રહ્યું નથી !' તમને એમ લાગે છે કે તમે સાચેસાચ બીજી બાજુએ ચાલ્યા ગયા છો.

કેટલાક લોકો એમ માને છે કે તમે એક ખૂણામાં શાંતિથી બેસી જઈને ધ્યાન કરી શકો તો એ આધ્યાત્મિક જીવનનું લક્ષણ કહેવાય ! આ જાતનો વિચાર ખૂબ ખૂબ પ્રચલિત છે. હું બહુ કઠોર થવા તો નથી માગતી—પણ જે લોકો ધ્યાન માટેની પોતાની શક્તિ વિશે બડાઈ કરતા હોય છે તેઓમાંથી ઘણાખરા, એક કલાકમાંથી એક મિનિટ પણ ધ્યાન કરતા હશે એમ હું માનતી નથી. જેઓ સાચેસાચ ધ્યાન કરતા હોય છે તેઓ બડાઈ મારતા હોતા નથી; તેમને માટે એ તદ્દન સ્વાભાવિક વસ્તુ હોય છે. આ વસ્તુ જ્યારે સ્વાભાવિક બની જતી હોય છે, એમાં જ્યારે તમને કશું ગૌરવ લેવા જેવું લાગતું હોતું નથી, ત્યારે જ તમે તમારી જાતને એમ કહી શકો છો કે તમે પ્રગતિ કરી રહ્યા છો. જે લોકો આ વિશે વાતો કરતા રહે છે અને એમ માને છે કે એને લીધે તેઓ બીજા કરતાં વધારે ઉચ્ચ કક્ષાના થયા છે, તો એમને માટે તમે ખાતરી રાખજો કે તેઓ પોતાનો મોટા ભાગનો વખત સંપૂર્ણ જડતાની સ્થિતિમાં જ પસાર કરતા હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૧૧૭-૧૧૮)

*

## અનુભૂતિઓ અને તેમની ઉપયોગિતા

જો કોઈને પ્રાણિક અનુભવો થાય — દા.ત. દર્શનો, કેટલાક પ્રાણિક અનુભવો, જે પૂરતી મનોમય તૈયારી વગરના હોય તો તે વસ્તુ વ્યક્તિની સમતુલા ગુમાવી બેસવામાં પરિણામે અને કોઈ પણ પ્રસંગે માણસને ખબર પણ ન પડે કે શું બની રહ્યું છે અને એ વ્યાવહારિક રીતે જો નુકસાનકર્તા ન હોય તો બિનઉપયોગી નીવડે. જ્યારે બીજી બાજુએ, જો શરૂઆત કરીએ તો જો વ્યક્તિએ પોતાની સમજશક્તિમાં વિકાસ સાધ્યો હોય, અભ્યાસ કર્યો હોય, વસ્તુઓનાં કારણો તે સમજે અને જાણે અને દા.ત. યોગનું લક્ષ્ય અને તેને પ્રાપ્ત કરવાનો અભ્યાસ, જો તે વ્યક્તિએ કર્યો હોય, ખરેખર, વિષય ઉપરનો માનસિક અભિગમ — તો પછી જ્યારે કોઈ

અનુભવ થાય ત્યારે તે વસ્તુ શું છે તે સમજવાની શક્તિ માટે તેને તક હોય છે; નહિ તો પછી વ્યક્તિને કોઈ સમજ પડતી નથી. એક પૂરતા પ્રમાણમાં માનસિક તૈયારીની જરૂર છે – જો પૂરેપૂરી નહિ તો પૂરતા પ્રમાણમાં – જ્યારે અનુભૂતિઓ થાય ત્યારે તેને સમજવા પૂરતી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૪૧)

*

## 'અનુભૂતિ થવી' એટલે શું ?

સામાન્ય રીતે લોકો ''અનુભૂતિ''નો અર્થ આ પ્રમાણે કરે છે; કોઈક અત્યંત વિચિત્ર બનાવ અથવા પ્રપંચ જેવી કોઈ વસ્તુ, અથવા સંવેદનાનાં દૃશ્યો જેને લઈને ભવિષ્ય દર્શન થઈ શકે અથવા દૂરદર્શન અથવા એવી પણ સામાન્ય વસ્તુઓ જેવી કે કોઈ ગુમ થયેલી વસ્તુ ક્યાંથી મળી આવે તે શોધી કાઢવા માટે શક્તિમાન બનવું; અને આવી કોઈ નાની નાની ચાલાકીઓને લોકો અનુભૂતિઓ કહે છે.

વારુ, જે લોકોમાં આ પ્રમાણેની શક્તિઓ હોય તેઓ સારું શિક્ષણ પામેલા હોતા નથી, પરંતુ જન્મગત બક્ષીસવાળા હોય છે, જેવી રીતે કેટલાક સંગીતકારો, બીજા ચિત્રકારો અને કેટલાક વિજ્ઞાનીઓ જન્મેલા હોય છે તે પ્રમાણે. અને એવું પણ બને કે આવા લોકો તેમને જરૂરિયાત લાગે ત્યારે તે શક્તિઓનો ઉપયોગ ધન કમાવા માટે કરે છે અને પછી તેમને પૂરેપૂરી બગાડી નાખે છે. જો તેઓ સુખસગવડવાળા સંજોગોમાં જન્મ્યા હોય અને કમાવાની જરૂર ન હોય તો તેઓ મિત્રોમાં કીર્તિ પ્રાપ્ત કરે છે. કોઈ પણ રીતે આ એક વ્યાપાર માટેની તક હોય છે. આવી વિરલ શક્તિઓવાળા બહુ ઓછા માણસો હોય છે જેઓ નામ કમાવામાં કે પૈસા કમાવામાં ઉપયોગ ન કરતા હોય. પરંતુ આ શક્તિઓ બહુ ઊંચા પ્રકારની હોતી નથી. વ્યક્તિમાં ઉચ્ચ આધ્યાત્મિક જીવન ન હોય છતાં તેનામાં શક્તિઓ હોઈ શકે. તેનો આધાર આંતરિક આધ્યાત્મિક ઊંચાઈ ઉપર બિલકુલ નથી. માણસે તેમને પ્રગતિની નિશાની તરીકે ગણવાની ભૂલ ન કરવી જોઈએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૩૪૩)

*

## આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરવી

**તમે આધ્યાત્મિક અનુભૂતિ વિશે કહો છો. અનુભૂતિ શું છે અને વ્યક્તિ કઈ રીતે તે મેળવી શકે ?**

એ એવી વસ્તુ છે જે વ્યક્તિમાં ઘણે ભાગે જે ચેતના હોય છે તેના કરતાં વધારે ઉચ્ચતર ચેતનાના સંપર્કમાં મૂકી આપે છે. તમને તમારી જાત વિશે અમુક પ્રકારની લાગણી હોય છે, અને તમે તેના વિશે સભાન પણ હોતા નથી, તે તમારે માટે સામાન્ય સ્થિતિ હોય છે, તમે સમજ્યા. વારુ હવે જો તમે તમારી અંદર ઓચિંતા કોઈક વસ્તુ વિશે સચેતન બનો, જે ઘણું જુદા પ્રકારનું હોય, અને ઘણું ઊંચું, તો પછી તે ગમે તે હોય છતાં તે આધ્યાત્મિક અનુભવ હશે. તમે તેના વિશે માનસિક વિચારથી રચના કરો અને ન કરો; તમે તમારી જાતને તે વિશે

સમજ આપો અથવા ન આપો, તે ટકી રહે અથવા ન ટકી રહે અને ક્ષણિક હોય, પરંતુ જ્યારે તમારી ચેતનામાં એક મૂળભૂત તફાવત દેખાય, અને જ્યારે તેની સ્વાભાવિક આવતી ગુણવત્તા પહેલાં હતી તેના કરતાં ઘણી ઘણી ઊંચા પ્રકારની, સ્પષ્ટ અને વધારે વિશુદ્ધ હોય તો પછી વ્યક્તિ તેને આધ્યાત્મિક અનુભવ કહી શકે છે; આનો અર્થ એ કે હજારો વસ્તુ હોય છે જેને આધ્યાત્મિક અનુભૂતિઓ કહી શકાય.

**અમારે આધ્યાત્મિક અનુભૂતિ મેળવવા અભીપ્સા કરવી જોઈએ ?**

હું માનું છું કે આધ્યાત્મિક અનુભૂતિઓ મેળવવા કરતાં વધારે પ્રગતિ કરવા અથવા વધારે સચેતન બનવા અથવા વધારે સારા થવા અથવા વધારે સારું કરવા અભીપ્સા કરવી તે વધારે ડહાપણભર્યું છે; કારણ કે એ વસ્તુ વધારે કે ઓછા કાલ્પનિક અથવા જુદા અનુભવો માટેનું દ્વાર ખોલી નાખે, એવી પ્રાણમય ગતિઓનું દ્વાર ખોલે કે તેઓ ઉચ્ચતર વસ્તુઓનો દેખાવ ધારણ કરે, અનુભૂતિ માટેની અભીપ્સામાં માણસ પોતાની જાત સાથે કદાચ છેતરપિંડી કરે. હકીકતમાં અનુભૂતિ સાહજિક રીતે આવવી જોઈએ, આંતરિક પ્રગતિના પરિણામ રૂપે, પરંતુ નહિ કે પોતાના માટે અથવા પોતાની જાત માટે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૪૧૮-૪૧૯)

*

આધ્યાત્મિકતાને માટે, ધર્મ એક એવી વસ્તુ હોય છે જે પાર્થિવ જીવનથી અલગ, જુદી અને વિરુદ્ધની લાગે, એને એમ લાગે છે કે પાર્થિવ હેતુઓ સિદ્ધ કરવા પ્રત્યેનું વલણ, આધ્યાત્મિક જીવન પ્રત્યેની ગતિથી વિરુદ્ધનું હોઈ, ઉતારી પાડવા જેવું છે. અને પૃથ્વી ઉપરના મનુષ્યની આકાંક્ષાઓને એ એક ભ્રમ અથવા મિથ્યાભિમાન અને મનુષ્યની સ્વર્ગની કામના સાથે વિસંવાદી પ્રકારની ગણે છે. ત્યારે પછી આત્મા કોઈ એક એવી અલગ વસ્તુ બની રહે છે જેને પહોંચવા માટે વ્યક્તિએ તેના સ્વરૂપના નિમ્નતર ભાગોના જીવનનો ત્યાગ કરવાનો રહે છે. કાં તો એણે અમુક બિંદુએ પહોંચ્યા પછી આ નીચલી કક્ષાના જીવનનો ત્યાગ કરવો જોઈએ કે પછી એને ખંતપૂર્વક નિરુત્સાહ કરતા રહેવું જોઈએ, એનું દમન કરતા રહેવું જોઈએ અને એને મારી નાખવું જોઈએ. જો ધર્મનો સાચો અર્થ એ જ હોય, તો મનુષ્યના સામાજિક જીવનના પ્રયત્નો, આશાઓ અને અભીપ્સાઓની બાબતમાં એને કોઈ સક્રિય સંદેશ આપવાનો રહેતો નથી, તેમ જ વ્યક્તિને માટે અથવા તેના સ્વરૂપના નિમ્નતર ભાગોને માટે પણ કોઈ વિધેયાત્મક સૂચન કરવાનું રહેતું નથી.

**શ્રી અરવિન્દ**

*

# ભવિષ્ય પ્રત્યે સીધી દૃષ્ટિ કરો

સત્યને જાહેરાતની જરૂર નથી. તે પોતાની જાતને છુપાવતું નથી, તો તે પોતાની જાહેરાત પણ કરતું નથી. તે કેવળ પોતાનો આવિર્ભાવ કરીને સંતોષ માને છે. તેને પરિણામની અપેક્ષા નથી. તે લોકોની અનુમતિ માગતું નથી, નિંદાથી દૂર ભાગતું નથી. જગત તેનો સ્વીકાર કરે તેથી તે રાજી થઈ જતું નથી, તેના અસ્વીકારથી તે નારાજ થતું નથી.

જ્યારે તમે યોગસાધના કરવા તત્પર થાઓ ત્યારે તમારા મનના ઘડેલા બધા ઘાટોના તથા પ્રાણના રચેલા આધારોના ટુકડેટુકડા થઈ જાય તેને માટે તમારે તૈયાર રહેવું જોઈએ. સાધના કરવી હોય તો ફક્ત તમારા અંતરાત્માની શ્રદ્ધા સિવાય બીજા કશા પણ આધાર વગર હવામાં અદ્ધર લટકવાની તમારે તૈયારી રાખવી જોઈએ. તમારે તમારા ભૂતકાળનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ભૂલી જવું પડશે, તેની સર્વે આસક્તિઓ સમૂળગી છોડી દેવી જોઈશે. તમારી ચેતનામાંથી તેને ઉખેડીને દૂર ફેંકી દેવી પડશે તથા સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત થઈને એક નવો જન્મ લેવો પડશે. તમે જે 'હતા' તેનો વિચાર ન કરો, પરંતુ તમે જે થવાની અભીપ્સા રાખો છો તેમાં મનને પરોવો. તમે જેનો સાક્ષાત્કાર કરવા માગતા હો તેમાં જ સર્વ રીતે લીન થઈ જાઓ. તમારા મરી ચૂકેલ ભૂતકાળ પ્રત્યેથી પાછા ફરી જાઓ અને ભવિષ્ય પ્રત્યે દૃષ્ટિ કરો. તમારો ધર્મ, તમારો દેશ, તમારું કુટુંબ ત્યાં છે, પ્રભુમાં.

**શ્રી માતાજી**

**(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૯૧-૯૨)**

# ધર્મ અને આધ્યાત્મિકતા

## મૂર્તિઓ કે પ્રતિમાઓની સ્થાપના

જે પ્રતિકૃતિઓ (મૂર્તિઓ કે છબીઓ) કોઈ મંદિરમાં સ્થાપવાની હોય છે તેમની બાબત અમુક પ્રકારની ધાર્મિક વિધિ કરવામાં આવે છે અને એમાં પુરોહિત અથવા એનો શિષ્ય કોઈ ગુહ્ય શક્તિ ધરાવતો હોય છે; પછી ભલે એ શક્તિ મર્યાદિત પ્રકારની હોય, તો પણ એ વ્યક્તિ પોતાની અભીપ્સા અને કર્મકાંડની વિધિ વડે એ પ્રતિકૃતિઓમાં કોઈ અપાર્થિવ ચેતનાની સ્થાપના કરી શકે છે. એ ક્રિયાની પાછળનો સિદ્ધાંત કાંઈક આવો હોય છે : તમને કહેવામાં આવે છે કે, ''આ કોઈ લાકડાનો ટુકડો નથી, આ પથ્થર નથી, આ ચિત્ર નથી; આ વસ્તુમાં ધાર્મિક વિધિ દ્વારા એક શક્તિનું અવતરણ કરી લાદવામાં આવ્યું છે અને તમારે અને સંબોધન કરવાનું છે.'' આ સાચું છે. પરંતુ એ પુરોહિતની પ્રકૃતિ કેવી છે તે વિશે આપણે જાણવું જોઈએ, એનું ગુહ્ય વિદ્યાનું જ્ઞાન અને વધારામાં જે શક્તિઓ સાથે એને સ્નેહસંબંધ હોય તેના વિશે પણ જાણવું જોઈએ. એટલે, એમાં ઘણી વસ્તુઓ હોઈ શકે છે... આવી પ્રતિકૃતિમાં હમેશાં ''કોઈક વસ્તુ'' રહેલી હોય છે (સિવાય કે સ્થાપનાની વિધિ કરનાર વ્યક્તિ કોઈ મૂર્ખ અજ્ઞાની હોય, જેનામાં કોઈ પ્રકારની શક્તિ ન હોય, એ કોઈ પણ વસ્તુ ઉતારી ન લાવ્યો હોય. એણે કેવળ વિધિમાં દેખાવ જ કર્યો હોય, પરંતુ આવું ઘણા ઓછા પ્રસંગે બને છે. હું એમ નથી કહી શકતી કે આવું ઘણી વાર બને છે, એવું ભાગ્યે જ બને છે), સામાન્ય રીતે એમાં કોઈક વસ્તુ હોય છે, પરંતુ એ કોઈક વસ્તુની પ્રકૃતિ, એની ગુણવત્તા તો તમે જાણો છો ને...?

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૭૨)

*

## ધર્મો આત્માને સીમિત કરે છે

ધર્મ એ આત્માને માટે હંમેશાં એક મર્યાદા બાંધનાર વસ્તુ હોય છે. જો કોઈ વ્યક્તિ તેના મનનાં ઘડતરો અને જે પરિસ્થિતિમાં તે જીવન ગાળતી હોય તેથી અળગી રહીને આધ્યાત્મિક જીવન ગાળતી હોય છે તો તેની આ રીતની આધ્યાત્મિક જીવન જીવવાની ક્રિયા જ તેને ધાર્મિક સિદ્ધાંતોની આરપાર લઈ જઈને કોઈ ઊર્ધ્વતર વસ્તુમાં પ્રવેશ કરાવે છે. પરંતુ એનું સમર્પણ એના અંતરમાંથી ઉદ્ભવતું હોવું જોઈએ, એ કેવળ આચાર પૂરતું ન હોવું જોઈએ. જો એ કેવળ બાહ્યાચાર જ હોય તો પછી એની આસપાસની મર્યાદાઓ એટલી બધી જોરદાર બની જાય છે કે એનાથી બહુ દૂર જઈ શકાતું નથી.

એવા લોકો પણ હોય છે જેમને પોતાની પ્રગતિમાં બાધા ન પડે તે માટે પોતાના ધર્માચરણની બહાર નીકળવું પડે છે. પરંતુ જે લોકોમાં ઘણુંખરું કોઈ રીતનું મનોમંથન ઊભું થતું નથી, જેમને કોઈ પ્રશ્નો ખડા નથી થતા, જેમનાં હૃદયોમાં ઉત્કટ ભક્તિભાવ હોય છે અને જેમનામાં પોતાની

જાત કરતાં અનંતગુણ મહાન એવી કોઈ વસ્તુ પ્રત્યે આત્મસમર્પણ કરવાની અંતરની વૃત્તિ હોય છે એવા લોકોને માટે, તેઓ કોઈ ધર્મમાં હોય કે ન હોય એ બધું સરખું હોય છે. પરંતુ જો કોઈ વ્યક્તિ કેવળ ધાર્મિક આચાર-વિચારને જ વળગી રહે છે તો એ પછી બહુ આગળ વધી શકતી નથી.

પરંતુ જો તમારું મન સ્વતંત્ર ન હોય અને પ્રકાશમાં જીવન ધારણ કરતું ન હોય તો પછી એટલે બધે સુધી આગળ વધવું મુશ્કેલ છે. જે બધી અનિવાર્ય શરતો છે તેમાંની આ પણ એક છે (જો કે આપણે એને સદંતર અનિવાર્ય તો નહિ કહી શકીએ). પરંતુ, ઘણાખરા લોકોમાં કોઈ માનસિક શક્તિ જ હોતી નથી અને તેઓ કશી ચર્ચા કર્યા વિના કોઈ પણ પંથ સ્વીકારી લે છે, એમને લાગે છે કે એવી કોઈ વસ્તુ નથી કે જે તેમના આ અંતરની ઊર્મિની આડે આવે અને તેને પ્રભુ સાથે સંબંધ કરાવતાં અટકાવે. પરંતુ મોટાભાગે તેમને કોઈ પણ પ્રકારનું મનોમય જીવન હોતું નથી : એ અતિશય મર્યાદિત હોય છે.

**બાળક :** વ્યક્તિની નાત-જાતની ધાર્મિક જીવનમાં કોઈ અગત્ય ખરી ?

**શ્રી માતાજી :** નાત-જાત ? એને તે વળી આધ્યાત્મિક જીવન સાથે શો સંબંધ ? બિલકુલ નહિ. એ તો કેવળ એક સામાજિક વ્યવસ્થા છે, બીજું કાંઈ નહિ.

**બાળક :** એમ કહેવાય છે કે પ્રભુની સેવા કરવાની બાબતમાં બ્રાહ્મણો વધુ આગળ વધેલા હોય છે.

શ્રી માતાજી : લોકો એવી તો બહુ વાતો કરે છે.

આધ્યાત્મિક જીવનનો આધાર આવા બધા મુદ્દાઓ ઉપર નથી હોતો, લેશમાત્ર નહિ. એમના ઉપર કેટલાક સામાજિક સદ્‌ગુણોનો આધાર હોય છે પરંતુ એ તો એટલા માટે કે અમુક વાતાવરણમાં અમુક રીતના શિક્ષણની પરિપાટી સ્થપાયેલી હોય છે અને અમુક પ્રકારનું શિક્ષણ અન્ય પ્રકારનાં શિક્ષણ કરતાં વધુ સારું હોય છે. પણ એ વાત એટલેથી જ અટકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૩૬૨-૩૬૩)

*

## દિવ્ય સત્ત્વો અને પૂજા

જો તમે ખરેખરાં દિવ્ય સત્ત્વોને જાણો તો તેઓની પાસે આ વસ્તુનું કાંઈ મૂલ્ય નથી. તેમની પૂજા તેમને બિલકુલ પસંદ નથી. ના, તેમને તેનાથી બિલકુલ વિશિષ્ટ આનંદ આવતો નથી ! તેઓ સુખની લાગણી અનુભવતા નથી કારણ કે તેઓમાં ગર્વ નથી. અભિમાનને લઈને લોકોને પોતાની પૂજા પસંદ હોય છે, જો માણસમાં અભિમાન ન હોય તો તેને પોતાની પૂજા બિલકુલ પસંદ પડતી નથી. અને દાખલા તરીકે જો તેઓ એક શુભ ભાવના, સુંદર લાગણી અથવા નિઃસ્વાર્થ ક્રિયા, અથવા ઉત્સાહ, આનંદ કે આધ્યાત્મિક આનંદ જુએ, તો તેમના માટે પ્રાર્થનાઓ, ભક્તિની વિધિઓ કે પૂજાઓ કરતાં તેની ઘણી ઘણી વધારે કિંમત હોય છે.

હું તમને ખાતરીપૂર્વક કહું છું કે આ વસ્તુ ઘણી ગંભીર છે; જો તમે સાચા દેવને એક

ખુરશી ઉપર બેસાડો અને તમે પૂજા કરો ત્યાં સુધી તે જગાએ રહેવાની તમે ફરજ પાડો, તો તમને તે વિધિ કરતાં જોવાની તેને ગમ્મત પડશે, પરંતુ ખરેખર તેને કોઈ સંતોષ આપશે નહીં. બિલકુલ નહીં ! તમારી પૂજાથી તેને પ્રશંસાની કે સુખની કે ભવ્યતાની લાગણી બિલકુલ થશે નહીં. તમારે તે વિચારમાંથી મુક્ત થવુ જોઈએ. એક આધ્યાત્મિક જગત અને ભૌતિક જગતોની વચ્ચે એક એવો પ્રદેશ છે જેની માલિકી પ્રાણિક સત્ત્વોની છે અને આ પ્રદેશ આવી બધી વસ્તુઓથી ભરપૂર છે. કારણ કે આ સત્ત્વો તેના ઉપર જ જીવે છે, તેનાથી સુખ પામે છે અને તેમને તાત્કાલિક ગૌરવ મળે છે; અને જે સત્ત્વને સૌથી વધારે સંખ્યામાં માનનારાં અનુયાયીઓ હોય તે સૌથી સુખી અને ગર્વથી ફૂલેલો હોય. પરંતુ કઈ રીતે માણસ કલ્પના કરી શકે કે દેવો પાસે આ વસ્તુઓની કિંમત છે... ને દેવો – જેના વિશે, હું સાચા દેવો વિશે વાત કરું છું, અધિમનસના દેવો પણ, જેઓ પણ થોડા થોડા તે પ્રકારના છે અને તેમનામાં પણ માનવીઓની જેવી કેટલીક ક્ષતિઓ હોય છે, તેમ છતાં તેમનામાં ઘણી ઉચ્ચતર ચેતના હોય છે. તેમને પણ આ બધું પસંદ નથી. એક શુભ કર્મ, બુદ્ધિમત્તા, નિઃસ્વાર્થપણું અથવા સૂક્ષ્મ સમજ અથવા સાચા દિલની અભીપ્સા – આ બધી વસ્તુઓ ધાર્મિક વિધિ – વિધાનો કરતાં તેમને મન વધારે કિંમતી છે. અનંતગણી કિંમતી ! તેની સરખામણી ન થઈ શકે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૧૮૯-૯૦)

*

## ધાર્મિક વિધિ

ધાર્મિક વિધિ ! દા.ત. કાલી નામનાં ઘણાં સત્ત્વો છે – જેમને ઘણાં જ ભયંકર સ્વરૂપો આપવામાં આવ્યાં છે – આમાંની કેટલી બધી તો કુટુંબોની દેવીઓ તરીકે ઘરમાં સ્થાપન થયેલી છે, તેઓમાં પ્રાણિક શક્તિ ભરપૂર હોય છે ! હું એવા માણસોને જાણું છું જેઓના ઘરમાં જે કાલી હતી તેનાથી એટલા બધા ડરતા કે તેઓ નાની સરખી ભૂલ કરતાં પણ ધ્રૂજવા લાગતા અને તે માણસો એમ માનતા કે કમનસીબ બનાવો એટલા માટે બનતા કે કાલી તેમના માટે તે બનાવો મોકલતી. તે ભયજનક વસ્તુ છે, જો કે આમાંનાં ઘણાં સત્ત્વોને હું જાણતી. હું તેમને બહુ સારી રીતે જાણું છું, પરંતુ તેઓ પ્રાણિક સત્ત્વો છે, પ્રાણની રચનાઓ, સ્વરૂપો જેની માનવ મને રચનાઓ કરેલી છે અને કેવાં રૂપો ! અને માણસો આવી ભયંકર અને રાક્ષસી વસ્તુઓની પૂજા કરે છે એ વિચારવું કેટલું ભયંકર છે; અને વધારામાં તો આ બિચારા દેવોને માણસો કેવાં કેવાં વિશેષણ આપે છે કે તે માનવાનું કે આ પ્રમાણે છે...

આ દૃષ્ટિબિંદુથી, સારી વસ્તુ એ છે કે માણસોએ આ ધાર્મિક વાતાવરણમાંથી બહાર નીકળી જવું. જે બીકથી ભરેલું છે, અને આ પ્રકારની અંધ વહેમી માન્યતાની ગુલામી જેને લઈને વિરોધી બળોએ ભયંકર ફાયદો ઉઠાવેલો છે. માણસોને આ વહેમમાંથી મુક્ત કરવા માટે આ ઇન્કાર અને નિશ્ચિતતાનો ગાળો આ દૃષ્ટિબિંદુથી અનિવાર્ય છે. જ્યારે માનવી આ રાક્ષસી પ્રાણિક શક્તિઓની ગુલામીમાંથી બહાર નીકળશે ત્યારે જ તે આધ્યાત્મિક શિખરો ઉપર ચડી

શકશે અને ત્યાં સત્ય, સાચી ચેતના અને સાચી ચિત્‌શક્તિનો સાથીદાર કરશે અને માનવ તેમનું સાચું કરણ બની શકશે.

વ્યક્તિ ઊંચાઈ ઉપર આરોહણ કરે તે પહેલાં તેણે આ બધી વસ્તુઓને દૂર દૂર પાછળ મૂકી દેવી પડે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૧૯૦)

*

**પ્રભુ પોતાની સમગ્ર સૃષ્ટિને ચાહે છે; પ્રભુની કૃપાનો એકાધિકાર કોઈ એક ધર્મ ધરાવતો નથી.** (CWM 15 : 27) **(શ્રી માતાજી)**

*

## ઘડો અને અમૃત

**જુદા જુદા ધાર્મિક સંપ્રદાયોના ઝગડા તે જાણે કે જુદાં જુદાં વાસણો લડતાં હોય તેના જેવા છે. દરેક વાસણ એવી તકરાર કરતું હોય છે કે હું એકલું જ અમૃતત્વને ધારણ કરું એમ થાય. આ તકરાર ભલે થયા કરે. પણ આપણું કામ તો એ છે કે આપણે આ અમૃત પાસે પહોંચી જઈએ, પછી તે ભલે ગમે તે પાત્રમાં ભરેલું હોય અને એમ પછી અમૃતત્વ મેળવી લઈએ.** (વિચારરત્નો અને સૂત્રો – ૫૧)

*

**શ્રી માતાજી :** અમૃતત્વનું અમૃત તે પરમ સત્ય છે, પરમ જ્ઞાન છે, પરમાત્મા સાથેનું મિલન છે. એમાંથી અમૃતત્વની સભાનતા પ્રાપ્ત થાય છે.

દરેક ધાર્મિક સંપ્રદાય પોતાની ખાસ રીતે પ્રભુ તરફ ગતિ કરે છે. અને એ બાબતમાં શ્રી અરવિન્દ સંપ્રદાયોને જુદાં જુદાં વાસણો સાથે સરખાવે છે, પરંતુ તેઓ કહે છે, તમે કયો રસ્તો લો છો એ બહુ મહત્ત્વની વાત નથી. તમારું જે લક્ષ્ય છે એ જ મહત્ત્વની વસ્તુ છે. અને તમે ગમે તે રસ્તો લો પણ લક્ષ્ય તો એક જ રહેવાનું છે. અમૃતને ભલે ગમે તે વાસણમાં ભરવામાં આવ્યું હોય પણ એ પોતે તો એક જ રહેવાનું છે.

કેટલાક કહે છે કે પાત્રની જે સુવાસ હોય છે, તમે જે રીતનો માર્ગ લીધો હોય છે તેને લીધે અમૃતના સ્વાદમાં ફેર પડે છે, એટલે કે પ્રભુ સાથેનું તમારું મિલન એ પ્રમાણેનું ખાસ બને છે. શ્રી અરવિન્દ જવાબ આપે છે : લોકોના માર્ગ જુદા જુદા હોઈ શકે છે અને દરેક વ્યક્તિ પોતાને જે માર્ગ વધુ સારો લાગતો હોય, તેમ જ પોતાની રુચિ પ્રમાણેનો હોય તેવો માર્ગ પસંદ કરે છે. પણ છતાં અમૃત પોતે, પ્રભુ સાથેનું મિલન તો હરેક વખતે પોતાની અમૃતત્વની શક્તિ ટકાવી જ રાખે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૯૧–૯૨)

*

## પ્રભુને માનવના ઘાટમાં ઢાળવાનું વલણ

ધર્મમાં હંમેશાં પ્રભુને માણસના ઘાટમાં ઢાળવાનું વલણ રહેલું હોય છે. પ્રભુ એ માણસની જ એક વધારે મોટી કરેલી અને વિશાળ આકૃતિ હોય છે. પણ એ દેવ મૂળે તો માણસનાં

લક્ષણોનો જ બનેલો હોય છે. એટલે પછી આને લીધે લોકો કોઈ માણસરૂપી શત્રુ સાથે વર્તતા હોય એવી રીતે દેવની સાથે પણ વર્તી શકે છે. કેટલાક દેશોમાં લોકોને તેમનો દેવ જોઈતી વસ્તુ નથી આપતો ત્યારે તેઓ એને ઉપાડીને નદીમાં નાખી આવે છે !

**બાળક :** મધુર માતાજી, પરંતુ આ 'મૂર્તિઓ' તે કાંઈ માત્ર માનવનું જ સર્જન નથી હોતું, એમનું પોતાનું સ્વતંત્ર તત્ત્વ પણ કાંઈ હોય છે ખરું ?

**શ્રી માતાજી :** આકૃતિ ગમે તે હોય (કે જેને આપણે તિરસ્કારમાં 'મૂર્તિ' કહીએ છીએ), દેવનું બાહ્ય સ્વરૂપ ભલે ગમે તે હોય, આપણી સ્થૂલ આંખને તે કદરૂપું, કે ભયંકર કે ઠઠ્ઠા રૂપ પણ ભલે લાગતું હોય તો પણ એ આકૃતિની અંદર, તે જે વસ્તુની પ્રતિનિધિ હોય છે તેની હાજરી હંમેશાં રહેતી હોય છે. અને કોઈક એવી વ્યક્તિ પણ હંમેશાં હોય છે કે જે એ આકૃતિમાં રહેલી શક્તિને, હાજરીને બહાર ખેંચી લાવે તેવી શક્તિ ધરાવતી હોય છે અને એમ કરતી પણ હોય છે. આ વ્યક્તિ પછી પૂજારી પણ હોઈ શકે છે, કોઈ દીક્ષિત પણ હોઈ શકે છે, કોઈ સાધુ કે સંન્યાસી પણ હોઈ શકે છે. સામાન્ય રીતે તો આ કામ પૂજારી કરતો હોય છે. અને પેલી શક્તિ એ આકૃતિમાં રહેલી હોય છે, એ આકૃતિમાં હાજરી રહેલી હોય છે એ વાત સાચી છે, તદ્દન ખરી છે. અને લોકો જે પૂજા કરતા હોય છે તે આ શક્તિની, હાજરીની પૂજા હોય છે (લાકડાના, પથ્થરના કે ધાતુના બનેલા આકારની નહિ).

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૧૦૫)

*

એવી કોઈ વસ્તુ નથી કે જો વ્યક્તિ તેને યોગ્ય રીતે કરે તો યોગની શિક્ષા રૂપ ન બની શકે. અને જો એ વસ્તુ યોગ્ય રીતે ન કરવામાં આવે તો તપસ્યા કરવાનો પણ કોઈ અર્થ નહિ રહે અને એનાથી તમને કોઈ દિશા લાધશે નહિ. કારણ કે એમાં પણ એ જ વસ્તુ લાગુ પડે છે, તમે જે કાંઈ તપસ્યા કરતા હો તે દરમ્યાન સર્વ સમયે તમે તમારી જાતનું અવલોકન કરતા રહો અને તમારી જાતને કહેતા રહો, ''હું પ્રગતિ કરી રહ્યો છું ને ? આ વસ્તુ સારી રીતે થઈ શકશે ? મને સફળતા મળશે...?''. આમાં તમે સમજી શકો છો કે તમારો અહંકાર વધુને વધુ મહાકાય બનતો જાય છે, આખી જગ્યા પોતાને માટે રોકી લે છે અને બીજી કોઈ વસ્તુને માટે જગ્યા રહેવા દેતો નથી. અને આપણે તે દિવસે વાત કરેલી જ કે આધ્યાત્મિક અહંકાર એ ખરાબમાં ખરાબ વસ્તુ છે. કારણ કે પોતાની ક્ષુદ્રતાનું એને લગીરે ભાન હોતું નથી, એને ખાતરી હોય છે કે પોતે સર્વાંશે પ્રભુમય નહિ તો કોઈ મહાન વસ્તુ તો છે જ !

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૩૬)

*

દરેક ધર્મ દ્વારા માનવજાતિને મદદ મળેલી છે. અનેક દેવ-દેવીઓમાં માનનાર મૂર્તિપૂજક ધર્મ દ્વારા મનુષ્યમાં સૌન્દર્યનો પ્રકાશ, જીવનની વિશાળતા અને ઉચ્ચતા અને અનેકમુખી પૂર્ણતા પ્રત્યેની વૃત્તિ વૃદ્ધિગત થયેલી છે; ક્રિશ્ચિયન ધર્મ વડે એને દિવ્ય પ્રેમ અને ઉદારતાનું

કાંઈક દર્શન થયેલું છે; બુદ્ધ ધર્મે તેને વધુ ડાહ્યા, ઋજુ, શુદ્ધ થવાનો ઉમદા માર્ગ દર્શાવ્યો છે, જુડાઈઝમ (યહૂદીઓના ધર્મે) અને ઇસ્લામે તેને ક્રિયામાં પણ કઈ રીતે ધાર્મિક વફાદારી દાખલ કરવી અને ઉત્સાહપૂર્વક પ્રભુ પ્રત્યે ભક્તિભાવભર્યા બની રહેવું એ શીખવાડયું છે, હિંદુ ધર્મે તેની સમક્ષ વધુમાં વધુ વિશાળ અને ગહનતમ આધ્યાત્મિક શક્યતાઓ ખુલ્લી મૂકી છે. પ્રભુને જોવાની આ સઘળી રીતો જો એકબીજાને ભેટીને એકબીજાના સ્વરૂપમાં ઢાળી શકે તો એક મોટું કામ થઈ જાય; પણ બૌદ્ધિક મતાંધતા અને સાંપ્રદાયિક અહંકાર તેમ થવામાં આડે આવે છે.

*

સર્વ ધર્મોએ અમુક સંખ્યક આત્માઓનો ઉદ્ધાર કર્યો છે છતાં એમાંનો કોઈ ધર્મ માનવજાતિને આધ્યાત્મિક બનાવવામાં સફળ થઈ શકયો નથી. કારણ કે જેની જરૂર છે તે કોઈ પંથ કે સંપ્રદાયના વાડાની નહિ પરંતુ એક અવિરત અને સર્વગ્રાહી આધ્યાત્મિક તપસ્યાની, જેને લઈને વ્યક્તિનું સ્વરૂપ પોતાની ઉત્ક્રાંતિ સિદ્ધ કરી શકે.

**શ્રી અરવિન્દ**

*

## *ધર્મો પ્રત્યે અપનાવવાનું વલણ*

*સૌ ભક્તો પ્રત્યે એક શુભેચ્છાભર્યો સંકલ્પ રાખો. સર્વ ધર્મો પ્રત્યે એક જ્ઞાન વડે આલોકિત થયેલ ઉદાસીન ભાવના રાખો. સર્વ ધર્મો, તેમનાથી ઘણે દૂર ઊર્ધ્વમાં રહેલ એકમાત્ર સત્ય પ્રત્યેના આંશિક માર્ગો છે.*

***શ્રી માતાજી***



શ્રી માતાજી

# સાચું આધ્યાત્મિક જીવન

માણસમાં ખૂબ સારો સંકલ્પ હોય, દિવ્ય સાક્ષાત્કાર કરવા પ્રત્યે વળેલું જીવન હોય, કોઈ દિવ્ય કાર્ય પ્રત્યે ઉપરચોટિયું સમર્પણ હોય, અને છતાં તે યોગ ન કરે.

શ્રી અરવિન્દનો યોગ કરવો એટલે પોતાની જાતનું સંપૂર્ણ રૂપાંતર કરવું; જીવનમાં એવો હેતુ રાખવો કે તે યોગથી બીજું કાંઈ જીવનમાં છે જ નહિ, તે એકલી જ વસ્તુ કરવા યોગ્ય છે. એટલે માણસને પોતામાં સ્પષ્ટ લાગે છે કે મારે આ યોગ કરવો છે કે નહિ. જો તે યોગ ન કરવા માગતો હોય, તો પણ તેના જીવનમાં શુભ સંકલ્પ હોય, સેવામય અને સમજવાળું જીવન હોય, સિદ્ધ કરવાના કાર્ય માટે તે વધારે સહેલાઈથી પરિશ્રમ કરે, તેવો માણસ ઘણી વસ્તુઓ કરી શકે. પણ તેની અને આ યોગ કરવા વચ્ચે મહાન તફાવત છે.

યોગ કરવા માટે તમારામાં સભાનતાપૂર્વક તે કરવાની ઇચ્છા હોવી જોઈએ, શરૂઆત કરવા માટે તે યોગ શું છે તે તમારે જાણવું જોઈએ, તેને વિશે તમારે નિર્ણય કરવો જોઈએ. પણ એક વાર નિર્ણય કર્યા પછી તમારે આનાકાની ન કરવી જોઈએ, વિચલિત ન થવું જોઈએ. તેથી તમારે તે વસ્તુને પૂરેપૂરી સમજીને સ્વીકારવી જોઈએ. જ્યારે તમે એમ કહો કે મારે યોગ કરવો છે, ત્યારે તમે શેનો નિર્ણય કરો છો તે જાણવું જોઈએ; તેથી તો હું તમારા પર તે બાબતમાં કોઈ દબાણ કરતી નથી. હું તે યોગ વિશે વાત કરી કરી શકું. ઓહ, હું તે વિશે તમને ઘણું ઘણું કહું છું, તે સાંભળવા માટે તમે અહીં આવતા હો છો. પણ વ્યક્તિગત રીતે તો હું તેને જ વાત કરું છું કે જે આવીને મને કહે છે કે આ યોગ વિશે મારી પાસે મારો પોતાનો વિચાર છે અને હું આ યોગ કરવા માગું છું તે સારું છે.

પછી તેમને માટે તે યોગ એક જુદી જ વસ્તુ છે. જીવનની પરિસ્થિતિઓ આંતરિક રીતે ભિન્ન હોય છે. અંદર વસ્તુઓ પરિવર્તિત બનતી જાય છે.

ચેતના સતત પરિસ્થિતિને સુધારવા માટે કાર્ય કરવા લાગે છે, જે પરિસ્થિતિ હંમેશાં તમને અવરોધોની સમક્ષ મૂકતી હોય છે, જે અવરોધો તમને પ્રગતિ કરતાં રોકે છે, તમારી પોતાની ભૂલો અને અંધતા સાથે અફળાવે છે. જેમણે યોગ કરવાનો નિર્ણય લીધો હોય છે, તેમને માટે જ આ ચેતના કાર્ય કરે છે; બીજાઓ માટે આ ચેતના એક પ્રકાશ પેઠે, જ્ઞાન પેઠે, રક્ષણ પેઠે, પ્રગતિની શક્તિ પેઠે કાર્ય કરે છે, જેથી તેઓ પોતાની વધુમાં વધુ શક્તિઓ પ્રાપ્ત કરી શકે, શક્ય તેટલા અનુકૂળ વાતાવરણમાં બને તેટલો વિકાસ સાધી શકે. પણ તે ચેતના તેમને તેમની પસંદગીમાં તદ્દન મુક્ત રાખે છે.

***

### યોગ : અંદરથી લેવાયેલો નિર્ણય – બાહ્ય પરિવર્તન નહિ

નિર્ણય અંદરથી આવવો જોઈએ. જે લોકો યોગ શું છે તે સમજીને યોગ સભાનતાપૂર્વક કરવા માટે આવે છે, તેમને અહીં જીવવા માટેની શરતો આ છેઃ બહારની દૃષ્ટિએ કોઈ ભેદ નથી, પણ આંતર દૃષ્ટિએ તેમાં ખૂબ મોટા ભેદો છે. ચેતનામાં એક પ્રકારની એવી અનિવાર્યતા હોય છે કે જે તેમને માર્ગમાંથી ચસકવા દેતી નથી. તેઓ જે ભૂલો કરે છે તે તરત જ, પોતાનાં પરિણામો સાથે, તેમને દૃષ્ટિગોચર થઈ જાય છે, તે પરિણામો એવાં બળવાન હોય છે કે જે તેમને સમજવામાં ભૂલ કરવા દેતાં નથી; વસ્તુઓ બહુ ગંભીર બની જાય છે. પણ આવું વારંવાર બનતું હોતું નથી.

હે મારા બાળકો, મારે આ તમને કહેવું જોઈએ, મેં અનેક વાર તેની પુનરુક્તિ કરી છે કે અપવાદ રૂપ સ્વતંત્રતામાં જીવો. બાહ્ય દૃષ્ટિએ કેટલીક મર્યાદાઓ છે, કારણ કે આપણે અહીં મોટી સંખ્યામાં છીએ, સમગ્ર પૃથ્વીનો આપણે મરજી મુજબ ઉપયોગ કરી શકીએ તેમ નથી, આપણે અમુક પ્રમાણમાં શિસ્તને તાબે થવું જ પડે છે, જેથી અહીં ઝાઝી ગેરવ્યવસ્થા ન થાય. પણ આંતરિક રીતે તમે એક અદ્‌ભુત સ્વતંત્રતામાં જીવો છો; કોઈ સામાજિક બંધન, બૌદ્ધિક બંધન, કોઈ નિયમ કશું જ હોતું નથી, પણ માત્ર પ્રકાશ છે. જો તમારામાં તે પ્રકાશનો લાભ લેવાની ઇચ્છા હોય, તો તે લાભ તમને મળે છે. જો તમારે તે પ્રકાશનો લાભ ન લેવો હોય, તો તેમ કરવામાં પણ તમે સ્વતંત્ર છો.

પણ જે દિવસે તમે પસંદગી કરો છો, દિલની સચ્ચાઈપૂર્વક યોગ કરવાનો નિર્ણય કરો છો, ત્યારે વસ્તુ બદલાઈ જાય છે. તમારે તે પ્રકાશને અને તે માર્ગને સીધાસટ અનુસરવાનું છે, તેમાંથી તમારે જરા પણ ચસકવાનું નથી. તે કોઈને મૂર્ખ બનાવતો નથી, યોગ એ કોઈ મશ્કરી, ગમ્મત નથી. જ્યારે તમે તેની પસંદગી કરો છો, ત્યારે તમારે જાણવું જોઈએ કે તમે શું કરી રહ્યા છો. પસંદગી કર્યા પછી તમારે તેને ચીટકી રહેવું જોઈએ. પછી તેમાં જરા પણ આનાકાની કરવાનો, ડગુમગુ થવાનો તમને કોઈ અધિકાર નથી. તમારે સીધા આગળ ધપ્યે જ જવું જોઈએ.

હું તમારી પાસે માત્ર આટલું જ ઇચ્છું છું કે યોગ સારી રીતે કરવાનો સંકલ્પ રાખો, પ્રગતિ માટે પ્રયત્ન કરો, સામાન્ય માણસો કરતાં જીવનમાં જરાક વધારે સારા બનવાની ઇચ્છા રાખો. તમે મોટા થયા છો, ખૂબ ખૂબ પ્રકાશમય, સભાન, સંવાદમય સદ્‌ભાવથી પરિપૂર્ણ પરિસ્થિતિઓમાં તમે વિકાસ સાધ્યો છે; આ પરિસ્થિતિઓના પ્રત્યુત્તર રૂપે તમારે જગતમાં આ પ્રકાશની, આ સંવાદિતાની, આ સદ્‌ભાવની અભિવ્યક્તિ બનવું જોઈએ. આનું પરિણામ બહુ સરસ આવશે.

***

આ રૂપાંતર સિદ્ધ કરવાનો યોગ સૌથી વધારે પરિશ્રમ માગી લે તેવો છે, આ યોગ તેને માટે છે કે જેને એવી લાગણી થાય કે ''હું માત્ર આ યોગ કરવા માટે જ, બીજું કશું જ નહિ,

જન્મ્યો છું, આ જ મારા અસ્તિત્વનું એકમાત્ર કારણ છે, પછી ભલે તેમાં ખૂબ મહેનત કરવી પડે, દુઃખ વેઠવું પડે, સંઘર્ષ કરવો પડે તે કોઈ મહત્ત્વનું નથી, મારે તો આ યોગ જ કરવો છે, બીજું કશું નહિ.'' નહિ તો હું કહીશ કે ''તમે સુખી અને સારા બનો એટલું જ હું તમારી પાસે માગું છું. સમજો, જાણો કે તમે જે પરિસ્થિતિઓમાં અહીં જીવી રહ્યા છો, તે અપવાદરૂપ છે. સામાન્ય માણસો કરતાં વધારે ઉચ્ચ, ઉદાત્ત, સાચું જીવન જીવો, જેથી આ ચેતનામાંની થોડીક ચેતના, આ પ્રકાશમાંનો થોડોક પ્રકાશ, આ સદ્ભાવમાંનો થોડોક સદ્ભાવ જગતમાં પોતાની જાતને અભિવ્યક્ત કરી શકે તે બહુ સારી વસ્તુ બનશે.''

પણ એક વાર તમે યોગના માર્ગ પર પગ મૂકો, તો પછી તમારામાં લોઢા જેવો અફર નિર્ણય હોવો જોઈએ, ગમે તે ભોગે પણ તમારે લક્ષ્ય-પ્રાપ્તિના માર્ગે સીધા ચાલ્યા જવું જોઈએ.

***

## સાચા આધ્યાત્મિક જીવનની શરૂઆત

સામાન્ય જીવનમાં, લાખો લોકોમાં એક પણ માણસ એવો નથી કે જે એક ક્ષણ માટે પણ પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે સભાન સંપર્કમાં હોય. ચૈત્યિક અસ્તિત્વ અંદરથી કાર્ય કરે, પણ તે બાહ્ય અસ્તિત્વ માટે એટલું બધું અદૃશ્ય અને અભાન હોય છે કે, જાણે ચૈત્યિકનું અસ્તિત્વ જ નથી. લગભગ બધા જ લોકોમાં ચૈત્યિક અસ્તિત્વ નિદ્રાવસ્થામાં હોય છે, જરા પણ સક્રિય નહિ, એક પ્રકારની મૂર્છામાં.

માત્ર સાધના અને ખૂબ આગ્રહયુક્ત પરિશ્રમ વડે જ માણસ પોતાના ચૈત્યિક અસ્તિત્વ સાથે સભાન સંપર્ક પ્રાપ્ત કરવામાં સફળ બને છે. સ્વાભાવિક રીતે જ, કેટલાક અપવાદો હોય છે, જેમને આંગળીના વેઢા પર ગણી શકાય; જેમનામાં ચૈત્યિક અસ્તિત્વની રચના સમગ્રપણે થઈ ગઈ હોય છે, ચૈત્યિક અસ્તિત્વ મુક્ત બન્યું હોય છે, પોતાનું સ્વામી બની ગયું હોય છે, જેણે પોતાનું કાર્ય કરવા માટે માનવ દેહમાં પૃથ્વી પર પાછા આવવાની પસંદગી કરી હોય છે, આવા કીસ્સામાં માણસ સભાનપણે સાધના ન કરે, તો પણ તે ચૈત્યિક અસ્તિત્વ એટલું બધું બળવાન હોય છે કે, તે સભાન સંબંધ સ્થાપી શકે છે. પણ આ અદ્વિતીય અપવાદો છે, જે નિયમને વધારે સ્થિર કરે છે.

લગભગ બધા કીસ્સાઓમાં, માણસને પોતાના ચૈત્યિક અસ્તિત્વથી સભાન બનવા માટે ખૂબ ખૂબ પ્રયાસ સતત કરવો પડે છે. મોટે ભાગે એમ માનવામાં આવે છે કે, જો માણસ ૩૦ વર્ષમાં તેમ કરી શકે, તો તે ખૂબ ભાગ્યશાળી ગણાય. કોઈક વાર તે વધારે જલ્દી બને. પણ તે એટલો બધો વિરલ માણસ હોય છે કે તેને માટે તરત જ કોઈ પણ માણસ કહે કે, આ તો અસાધારણ માણસ છે. તેમને ઓછાવત્તા પ્રમાણમાં દિવ્ય વિભૂતિઓ કહેવામાં આવી છે, જેઓ મહાન યોગીઓ, દીક્ષિતો હતા.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ પૃ-૨૦૪, ૨૦૫, ૨૦૬ અને ૨૭૬-૭૭)

# વૃત્ત વિશેષ

## 'બરોડા ફેસ્ટિવલ'

શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરીનાં અધિષ્ઠાત્રી જગદંબા-સ્વરૂપા શ્રી માતાજીનાં સ્વપ્ન મુજબનું વિશ્વ નગર 'ઑરોવિલ' જે પોંડિચેરી નજીક આકાર લઈ રહ્યું છે તેની સ્થાપનાની અર્ધ શતાબ્દી નિમિત્તે ઑરોવિલ, અને મ.સ. યુનિવર્સિટી વડોદરાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન વડોદરા તથા વલ્લભ વિદ્યાનગર મુકામે વિધવિધ કાર્યક્રમોનાં આયોજનો દ્વારા 'બરોડા ફેસ્ટિવલ'ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ફેસ્ટિવલનો શુભારંભ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સાંજે ૬-૦૦ કલાકે મ.સ.યુર્નિવર્સિટીના ચં.ચી. મહેતા ઑડીટોરિયમમાં આયોજીત સમારંભથી થયો હતો. સમારંભના અતિથિવિશેષ હતાં રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ, ચાન્સેલર, મ.સ.યુર્નિવર્સિટી. સમારંભના અધ્યક્ષપદે હતા, ઑરોવિલ ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. કર્ણસિંહ. મ.સ.યુર્નિવર્સિટીના વા.ચા. શ્રી પરિમલ વ્યાસ પણ સમારંભમાં હાજર રહ્યા હતા. શ્રી પરિમલ વ્યાસે પોતાના સંબોધન માં શ્રી અરવિન્દના વડોદરા, મ.સ.યુર્નિવર્સિટી તથા મહારાજા સયાજીરાવ સાથેના સંબંધોનો ઉલ્લેખ કરી મ.સ.યુર્નિવર્સિટી યુ.જી.સીના સૂચનને અનુસરી શ્રી અરવિન્દ ચેરની સ્થાપના તથા યુનિ.માં શ્રી અરવિન્દ દર્શનનો અભ્યાસક્રમ ચાલુ કરવા વિશે સંકલ્પબદ્ધ છે એમ જણાવ્યું હતું. રાજમાતાએ શ્રી અરવિન્દ અને શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ સાથેના નિકટતમ સંબંધોનું સ્મરણ કરી રાજવી પરિવાર અને શ્રી અરવિન્દ પરિવારના વિકસતા જતા સંબંધોના સંદર્ભમાં શ્રી માતાજીનાં સ્વપ્ન, ઑરોવિલની રચનામાં વડોદરા મહત્ત્વનો ભાગ ભજવે એવી અભીપ્સા વ્યક્ત કરી. સમારંભનું હાર્દરૂપ વક્તવ્ય રજૂ કરતાં ડૉ. કર્ણસિંહે શ્રી અરવિન્દના જીવનકાર્યમાં વડોદરા શહેરે જે ભાગ ભજવ્યો એની રજૂઆત કરી ભવિષ્યમાં ઑરોવિલના કાર્યમાં પણ વડોદરા મહત્ત્વનું પ્રદાન જરૂર કરશે એવી આશા વ્યક્ત કરી હતી. સમારંભના અંત ભાગે ઑરોવિલની કલાકાર ત્રિપુટી નાદકા, ગોપિકા અને કેશવે રાગ મંત્રના માધ્યમથી કર્ણપ્રિય સંગીત રજૂ કર્યું હતું.

બીજે દિવસે ૨૬ સપ્ટેમ્બરના રોજ પરમ પાવનધામ, શ્રી અરવિન્દ નિવાસમાં ડૉ. કર્ણસિંહના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તવ્યનો વિષય હતો : 'Five dreams of Sri Aurobindo' ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના સંદેશમાં શ્રી અરવિન્દે પોતાનાં પાંચ સ્વપ્નોની વાત કરી છે તેનો ઉલ્લેખ કરી પ્રવર્તમાન પરિસ્થિતિમાં એ સ્વપ્નોની સિદ્ધિ સંદર્ભે હાલની રાજકીય, આર્થિક, સામાજિક પરિસ્થિતિઓ તેમ જ માનવજાતિની દિવ્ય શક્તિઓ પરત્વેની અભિમુખતાની માત્રા વિશે વાત કરી ડૉ. કર્ણસિંહે કામચલાઉ પીછેહઠો હોવા છતાં ભવિષ્યમાં પાંચેય સ્વપ્નો જરૂર સિદ્ધ થશે એવો આશાવાદ રજૂ કર્યો હતો.

વક્તવ્ય બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ થયો હતો. શ્રોતાઓએ, ખાસ કરીને ઑરો યુનિ. સૂરતથી ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે આવેલ ૭૦ વિદ્યાર્થી ભાઈબહેનોએ પ્રશ્નોત્તરીમાં રસપૂર્વક ભાગ લીધો હતો. તા. ૨૫મીની સાંજે યુનિ. ઑડિટોરિયમમાં અને ૨૬મીની સવારે શ્રી અરવિન્દ નિવાસમાં ડૉ. કર્ણસિંહે પોતાની મનપસંદ પ્રવૃત્તિ - શ્રી અરવિન્દ રચિત WHO કાવ્ય તેમ જ અન્ય કાવ્યોની કંઠસ્થ રજૂઆત દ્વારા શ્રોતાઓનાં દિલ જીતી લીધાં હતાં.

તા. ૨૬થી ૩૦ સપ્ટેબર દરમિયાન ફેસ્ટિવલના ભાગરૂપ મ.સ. યુનિવર્સિટીની વિધવિધ ફેકલ્ટીઓમાં વાર્તાલાપો, ચર્ચાઓ, પ્રવચનો, ફિલ્મ શો, પ્રદર્શનો, નૃત્ય અને નાટ્ય પ્રસ્તુતિઓના અનેકવિધ કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં.

યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં જ્યાં શ્રી અરવિન્દે પ્રાધ્યાપક તરીકે શિક્ષણકાર્યમાં ભાગ લીધો હતો ત્યાંના પ્રેમાનંદ હૉલમાં આયોજીત ઑરોવિલના પ્રતીકાકાર પ્રદર્શનમાં ઑરોવિલ, તેનો હેતુ, તેની પ્રવૃતિઓ તથા ૫૦ વર્ષની ઑરોવિલની સફરની ઝાંખી કરાવતા ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય 'સાવિત્રી' વિષયક લખાણો અને આશ્રમ કળાકારોનાં સાવિત્રી વિષયક સુંદર ચિત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. પાંચેય દિવસો દરમિયાન શ્રી અરવિન્દ યુનિ.માં હતા ત્યારે જે કક્ષનો ઉપયોગ કરતા હતા તે કક્ષ પણ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અન્ય અનુપમ કાર્યક્રમોમાં મ.સ.યુનિવર્સિટીના પરફોર્મિંગ આર્ટસના પ્લેબોક્સમાં ઑરોવિલના રહીશો ગોપાલ અને ફેરીએ રજૂ કરેલ અદ્‌ભુત નાટ્યપ્રયોગમાં શહેરમાં શાંતિની શોધ અર્થે આવતા મનુષ્યને વેઠવી પડતી મુશ્કેલીઓના ઉલ્લેખો સાથે શાંતિનું મહત્ત્વ અને શાંતિની સ્થાપના વિશે મહત્ત્વનો સંદેશ માનવજાતિને આપવામાં આવ્યો હતો.

તા. ૨૯ સપ્ટેમ્બર, શ્રી અરવિન્દ નિવાસ પ્રાપ્તિ દિન નિમિત્તે શ્રી અરવિન્દ નિવાસમાં સુંદર કાર્યક્રમોનાં આયોજનો થયાં હતાં. ઑરોવિલના મિત્રોએ પણ તેમાં ભાગ લીધો હતો. કાર્યક્રમો આ મુજબ હતા : સવારે ૧૦-૦૦થી ૧૦-૩૦ સમૂહધ્યાન, ૧૧-૦૦થી ૧૨-૦૦ સાવિત્રી મહાકાવ્યના પર્વ ૩, ભગવતી માતાના પર્વનું સમૂહ વાચન. સાંજે ૬-૦૦થી ૬-૪૫ ઑરોવિલ ગ્રૂપનાં બે સભ્યો દ્વારા ઓડીશી નૃત્યની પ્રભાવશાળી પ્રસ્તુતિ. ૭-૦૦થી ૯-૦૦ દરમિયાન ઑરોવિલ વિષયક ફિલ્મ : The Great adventure' નું ચિત્રણ. કાર્યક્રમોમાં ૧૫૦થી વધુ સાધક ભાઈ-બહેનોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો.

તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ફેસ્ટિવલના પૂર્ણાહુતિ સમારંભમાં આભારદર્શન તથા ઑરોવિલ થિયેટર ગ્રૂપ ઋતમ તથા કલારીગ્રામ (યુદ્ધ તથા કલા વિષયોનું શિક્ષણ આપતી તામીલનાડુની ખ્યાતિપ્રાપ્ત સંસ્થા) ના સંયુક્ત ઉપક્રમે 'ભૂ' (EARTH) નાટ્યપ્રયોગની ખૂબ જ સુંદર રજૂઆત થઈ હતી. પાંચ ઘટકોમાંના એક 'પૃથ્વી' તત્ત્વનું માનવજીવનમાં જે મહત્ત્વ છે તે વિશે જાગૃતિ કેળવવાનો પ્રયત્ન આ કૃતિ દ્વારા કરવામાં આવ્યો હતો. નાટ્યપ્રયોગમાં

ભાગ લેનાર કળાકારોની ભાવવાહી રજૂઆત માણી શ્રોતાઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. ફેસ્ટિવલના કાર્યક્રમોને શહેરના અખબારોએ સારી રીતે આવરી લઈને વડોદરાને 'ઑરોવિલ'મય બનાવવામાં મુખ્ય ફાળો નોંધાવ્યો હતો. *(અહેવાલ : શ્રી કૈલાશ જોશી અને શ્રી કલ્પેશ જોશી)*

*

શ્રી વિનોબાજીના પવનાર આશ્રમ વર્ધા મુકામે શ્રી ભારતસિંહ ઝાલાના સાવિત્રી મહાકાવ્ય વિષયક તથા પૂર્ણયોગના સાધકો વિષયક, એમ બે વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યું હતું.

*

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, ૬૩ યશકમલ સોસાયટી, અમદાવાદના ૨૮મા સ્થાપના દિન તથા દિવ્યાંશ સ્થાપનાના ૧૨મા વર્ષના પ્રારંભ નિમિત્તે તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ સાંજે ૬-૦૦ કલાકે ધ્યાન, પ્રાર્થના અને વક્તવ્યના વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ શ્રી અશ્વિનભાઈએ કરેલી પ્રાર્થનાથી થયો. પ્રાર્થના બાદ શ્રી નૂરભાઈ મુખીએ કેન્દ્રની સ્થાપના, એનો ટૂંકો ઇતિહાસ તથા કેન્દ્ર ઉપર થતી વિધવિધ પ્રવૃત્તિઓની વિગતો રજૂ કરી હતી અને વક્તા શ્રી કિરીટભાઈ ઠક્કરનું સ્વાગત કર્યું હતું. શ્રી કિરીટભાઈએ 'મહાકાવ્ય સાવિત્રી-પરિચય' વિષય પર બોલતાં અગાઉ કેન્દ્રની સ્થાપના વિશે શ્રી માતાજીએ આપેલ સમજના સંદર્ભમાં સામૂહિક સાધનાની અનિવાર્યતાને સમજી સમૂહમાં સાધના કરનાર વ્યક્તિ વ્યક્તિગત સાધના કરતી રહે તેની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો.

સાવિત્રી માનવદેહે, શ્રી વ્યાસજીએ પુરાણકથામાં કરેલ પાત્રાલેખન મુજબ અને શ્રી અરવિન્દના શબ્દદેહરૂપી 'સાવિત્રી' વિશે મહાકાવ્યના પર્વ ૧૧માં શ્રી અરવિન્દે પોતાની કૃતિની જે રીતે ઓળખ આપી છે તે પંક્તિઓ વાંચીને શ્રી કિરીટભાઈએ પોતાના વક્તવ્યનો પ્રારંભ કર્યો હતો.

'O Savitri thou art my spirit's Power....

મહાકાવ્ય સાવિત્રીમાં પોતાના પ્રતીકના આરંભબિંદુ તરીકે મહાભારતની કથાને 'only clue' તરીકે પોતે સ્વીકારી છે એવા શ્રી અરવિન્દના કથનના ઉપલક્ષ્યમાં શ્રી કિરીટભાઈએ શ્રી અરવિન્દના શબ્દદેહરૂપી પ્રતીકની વાત કરી મહાકાવ્યના બારેય પર્વનું વિષયવસ્તુ ટૂંકમાં સમજાવી, અશ્વપતિની સાધના (પર્વ ૨)ને સાવિત્રીની સાધના (પર્વ ૭) વિશે વિશદ રજૂઆત કરીને પર્વ ૧૨ ઉપસંહારમાં સાવિત્રી સત્યવાનને સંબોધીને જે કહે છે :

'Heaven's touch fulfils but cancels not our earth... ના સંદર્ભે શ્રી અરવિન્દના પૂર્ણયોગનું જે ધ્યેય છે તેની સ્પષ્ટતા કરી હતી.

શ્રી કિરીટભાઈએ પોતાના ૭૫ મિનિટના વક્તવ્ય દરમિયાન સાવિત્રી મહાકાવ્યના અલગ અલગ પર્વોની ૭૦ વધુ પંક્તિઓનું વાચન કરી, જે તે પર્વનો ટૂંક સાર જણાવી દીધો હતો. દા.ત. પર્વ ૨માં અશ્વપતિ ભુવનોની સીડી પર આરોહણ કરી 'highest secret' પ્રાપ્ત કરી શક્યા તેનું કારણ હતું. 'a prayer upon his lips and a great name'.



કેન્દ્ર પર પ્રસ્થાપિત શ્રી અરવિન્દ, શ્રી માતાજીના દિવ્યાંશ :

વક્તવ્ય બાદ ૧૦ મિનિટનું ધ્યાન તથા શ્રી અરવિન્દ, શ્રી માતાજીને વંદનનો કાર્યક્રમ થયો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સર્વેએ સઘન સંનિધિની અનુભૂતિ કરી. અંતે મહાપ્રસાદી લઈ સર્વે છૂટાં પડ્યાં હતાં.

*

શ્રી અરવિન્દ સોસાયટી વડોદરા અને શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં તા. ૬-૧૦-૨૦૧૮થી ૧૨-૧૦-૨૦૧૮ દરમિયાન 'સાવિત્રી' અધ્યયન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્ર દરમિયાન પર્વ-૨, ભુવનોના યાત્રીનું પર્વ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સત્રનું સંચાલન શ્રી શરદભાઈ જોશીએ કર્યું હતું.

પર્વ-૨નું વિષયવસ્તુ મુખ્યત્વે સૂક્ષ્મ દ્રવ્ય, જીવનશક્તિ અને મનના તેમ જ મનની પારનાં સૂક્ષ્મ ગુહ્ય વિશ્વોના અધ્યાત્મ દર્શનનું નિરૂપણ અને અનુભૂતિઓ છે. શ્રી શરદભાઈએ વિષયવસ્તુને સંનિષ્ઠ રીતે સમજાવવાનો સફળ પ્રયાસ કર્યો. સ્પષ્ટીકરણની વિશદતા માટે શ્રી અરવિન્દના અન્ય ગ્રંથોમાંથી ખાસ કરીને "Collected Poems" માંથી વિષયને લગતી

પંક્તિઓ તેઓશ્રીએ ટાંકી હતી. નવરાત્રિનું પર્વ હોઈ 'મા ભગવતીની આરાધના' સર્ગ ૨, પર્વ ૩ માંથી શ્રી માતાજીનાં દિવ્ય સ્વરૂપ અને વરદાનના ફકરાઓના વાચન સાથે સત્રની સમાપ્તિ કરવામાં આવી હતી.

લગભગ ૬૦થી ૮૦ અભ્યાસુઓએ આ અધ્યયન સત્રમાં ભાગ લીધો. સત્રને અંતે શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી પ્રમોદભાઈ શાહે અધ્યયન સત્ર માટે ખૂબ સંતોષ, આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરી એક સ્મૃતિ ભેટ શ્રી શરદભાઈને અર્પણ કરી હતી. આ પ્રસંગે રાજકોટના સ્વ. શ્રી વસંતભાઈ અને સરલાબેન મહેતાના પરિવારજનો તરફથી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. *(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)*

*

## નવું પ્રકાશન

**'પૂર્ણતાને પંથે'** : લે. શ્રી રામભાઈ ચૂનીભાઈ પટેલ. (૨૪ નવેંબર ૧૯૨૬માં આશ્રમમાં હાજર ૨૪ સાધકોમાંના એક) વર્ષ ૧૯૩૬માં પુસ્તકનું લેખનકાર્ય થયું હતું અને એની પ્રથમ આવૃત્તિ વર્ષ ૧૯૬૩માં થઈ હતી. પ્રસ્તુત પ્રકાશન પુસ્તકની બીજી આવૃત્તિ છે, જેમાં લેખક વિશે ટૂંકી માહિતી તથા લેખક સાથેનાં સંભારણાંઓને સમાવવામાં આવ્યાં છે. પૃષ્ઠ સંખ્યા ૧૨૪+૦૮ ૧/૧૬ ક્રાઉન સાઈઝ. રંગબેરંગી મુખપૃષ્ઠ. મૂલ્ય રૂા. ૬૦/-.

પુસ્તકમાં શ્રી રામભાઈ પટેલનું આત્મકથાનક રૂપી ૫૦ પેજનું લખાણ, જેમાં આશ્રમજીવન, શ્રી માતાજી, શ્રી અરવિનદ (અવતાર યુગ્મ) તથા તેઓ દ્વારા પ્રબોધિત પૂર્ણયોગ વિશે અતિ સુંદર રજૂઆત થયેલી છે. તદુપરાંત શ્રી રામભાઈ રચિત-'ભાવિકવિતા'ની ભાત રજૂ કરતાં - ૫૦ ઉપરાંત કાવ્યો તથા ૧૨ પેજ ઉપર શ્રી અરવિન્દ, શ્રી માતાજી તથા સમાધિની છબીઓ છાપવામાં આવી છે. પુસ્તકના પ્રકાશક છે : યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : ૯૪૨૭૫૪૦૧૯૫. યુ.એસ.સ્થિત શ્રીમતી વંદનાબહેન પુરાણી તથા તેમના લઘુબંધુ શ્રી યોગેશ અમીન શ્રી રામભાઈ પરત્વે કૃતજ્ઞતાની લાગણીની અભિવ્યક્તિરૂપ આ પ્રકાશનકાર્યમાં નિમિત્ત બન્યાં છે. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

*

**સાભાર સ્વીકાર : શ્રી ભૂજ આશાપુરામંદિરની યશોગાથા. લેખક અને પ્રકાશક શ્રી જનાર્દન પ્રમોદચંદ્ર દવે.** પ્રાપ્તિસ્થાન : શ્રી ભૂજ આશાપુરા મંદિર, આશાપુરા રીંગરોડ, ભૂજ-કચ્છ ૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૮૧૯૪૫૬. એ/૪ સાઈઝના ૨૫૦ પૃષ્ઠો, આર્ટપેપર પર ચાર રંગોમાં સુંદર છાપકામ. આશાપુરા મંદિર, એની પ્રવૃત્તિઓ તથા મંદિરમાં કાર્યરત શ્રી અરવિન્દ પ્રાર્થના કેન્દ્ર, ભૂજની પ્રવૃત્તિઓ વિશે સવિસ્તર માહિતીપૂર્ણ રજૂઆત. સુંદર મુખપૃષ્ઠ ઉપર મા આશાપુરા તથા મંદિરની ભવ્ય છબીઓ ચાર રંગમાં છાપવામાં આવી છે. મૂલ્ય : રૂા. ૨૫૧/-.

વર્ષ ૧૯૭૨, શ્રી અરવિન્દ જન્મશતાબ્દી વર્ષમાં લેખકના પિતાશ્રી શ્રી પ્રમોદચંદ્ર દવે તથા

એમના કાકા સ્વ. અનંતરાયે મંદિરમાં જ શ્રી અરવિન્દ પ્રાર્થના કેન્દ્રની સ્થાપના કરી હતી. બંને પુણ્યાત્માઓએ વર્ષ ૧૯૬૯માં શ્રી માતાજીના અંગત દર્શનરૂપી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

પ્રસ્તુત પુસ્તકમાં આશાપુરા મંદિરનો ભવ્ય ઇતિહાસ, મા આશાપુરાના અનુગ્રહના પ્રસંગો તથા મંદિરમાં ઉજવવામાં આવતા વિવિધ ઉત્સવો અને કાર્યક્રમોની સચિત્ર સુંદર રજૂઆત શ્રી જનાર્દનભાઈએ કરી છે. શ્રી જનાર્દનભાઈ, મંદિરની વ્યવસ્થા તેમ જ શ્રી અરવિન્દ પ્રાર્થના કેન્દ્રની પ્રવૃત્તિઓનું સંચાલન એકનિષ્ઠાપૂર્વક વર્ષોથી સંભાળી રહ્યા છે. અગાઉ શ્રી જનાર્દન ભાઈએ દશ મહાવિદ્યાઓ વિશે અભ્યાસપૂર્ણ પુસ્તક પણ ગુજરાતના સાહિત્યજગતને ભેટ આપ્યું છે. દશ મહાવિદ્યાઓ વિશે ખૂબ જ સુંદર વિવરણ એ પુસ્તકમાં તેઓશ્રીએ આપેલું છે. સુંદર કાર્ય કરવા બદલ શ્રી જનાર્દનભાઈને આપણા અભિનંદન અને શુભેચ્છાઓ.

*

**પ્રાયોગિક ધ્યાન-સાધના :** લે. શ્રી વસંતલાલ જે. પટેલ ૭૦૪, બી.આર. જી.હાઈટ્સ, સમા-સાવલી રોડ, કારેલીબાગ, વડોદરા. મો. ૯૯૧૩૮૦૦૧૩૩. પૃષ્ઠ સંખ્યા ૪૦, ડેમી ૧/૮. કિંમત રૂા. ૪૦/-. યોગસાધનાની વિધવિધ પદ્ધતિઓ ધ્યાન, કુંડલિની વિગેરે વિશે અત્રે સંકલન થયેલું છે.

*

**માંડૂક્ય ઉપનિષદ્ :** પ્રકાશક : સંપૂર્ણ જીવન ટ્રસ્ટ, ૩૬, અજિતનાથ સોસાયટી, પાણીની ટાંકી પાસે, વડોદરા-૧૮. સંપર્ક : ૨૪૬૪૮૫૯ (૦૨૬૫). પૃષ્ઠ સંખ્યા ૨૨. પ્રકાશક ટ્રસ્ટ આધ્યાત્મિક જ્ઞાનનો પ્રસાર કરવાનો ઉદ્દેશ ધરાવતી સંસ્થા છે. સામાન્ય જનસમુદાય સમજી શકે એવી સરળ ગુજરાતી ભાષામાં લોકોને જ્ઞાન મળી રહે તે છે ટ્રસ્ટનો હેતુ. ટ્રસ્ટનાં પ્રકાશનો મેળવવા માગનારે ઉપર્યુક્ત ફોન નંબર પર સંપર્ક કરવો.

## જાહેરાત

નૈનીતાલ મુકામે વર્ષ ૨૦૧૯ દરમિયાન બે સાધના શિબિરોનાં આયોજનો કરવામાં આવનાર છે : તા. ૮મે થી ૧૪ મે દરમિયાન તથા તા. ૧૫મેથી ૨૧ મે દરમિયાન. શિબિરસંચાલન શ્રી ભારતસિંહ ઝાલા કરનાર છે. શિબિરોમાં અધ્યયનના વિષયો છે : સાવિત્રી મહાકાવ્ય અને દિવ્ય જીવન ગ્રંથ. શિબિરમાં ભાગ લેનારને રહેવા જમવાના ખર્ચ પેટે રૂા. ૭૦૦૦/- ફી ભરવાની રહેશે. નૈનીતાલ પહોંચવાનું સ્વખર્ચે. શિબિરમાં જોડાવા માટે શ્રી ભારતસિંહ ઝાલા, શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, બોટાદ - મો. ૯૪૨૬૬૯૫૧૯૮નો સંપર્ક કરવો.

*




# Auroma French Villaments

*Aspired Living through Inspired Spaces*

Villa - apartments based on qualities in The Mother's Symbol
Located 12 minutes from the Ashram and 15 minutes from Matrimandir
Designed in French Heritage style with Gardens & Community Spaces
Eco- friendly living with Active Residents' Association
24 Villaments - 22 sold & occupied

2 Apartments remaining - Compact 1 bhk, 2 bhk with Garden Courtyard & 3 bhk available in Ground floor and First floor respectively, ready for possession

**For More Information / Bookings, Contact:**

Mr. Prabodh Doshi ; 99433 82983 ; *prabodh@theauromagroup.com*
[or]
Mrs. Roma Doshi ; 99433 91945 ; *roma@theauromagroup.com*
*www.theauromagroup.com*

ધર્મો હમેશાં.... હમેશાં ભૂલ કરતા રહ્યા છે એનું કારણ તે આ છે. એમાં અનુભૂતિના આકારને એક સરખું રૂપ આપી દેવાનો પ્રયત્ન થતો હોય છે અને આખા જગત ઉપર તેને એક અફર સત્ય તરીકે ઠોકી બેસાડવાની વૃત્તિ હોય છે. જે માણસને અનુભૂતિ થતી હોય છે તેને માટે તો તે સાચી જ હોય છે, સંપૂર્ણ હોય છે, પ્રતીતિકારક હોય છે. એ માણસ આ અનુભૂતિનું જે રૂપ બનાવે છે તે પણ ઘણું ઉત્તમ હોય છે, – તેને પોતાને માટે, પરંતુ એ વસ્તુ બીજાના ઉપર લાદવાની ઈચ્છા કરવી એ એક ભયંકર ભૂલ છે. એનાં ઘણાં ભયંકર પરિણામો ઊભાં થાય છે. અને એ બધું તમને હંમેશાં, હંરહમેશ, સત્યથી દૂર દૂર લઈ જાય છે.

એટલા માટે જ ધર્મોએ, એ પોતે ગમે તેટલા સારા હોય છતાં, લોકોની પાસે ભયંકરમાં ભયંકર અત્યાચારો કરાવ્યા છે. ધર્મના નામે જગતમાં જે જે ગુનાઓ થયા છે, જે જે ભયંકર અત્યાચારો થયા છે એ માનવજાતિના ઈતિહાસમાં કાળામાં કાળાં કલંકો છે. અને આ બધું માત્ર એક આ નાનકડી મૂળ ભૂલને જ આભારી છે : જે વસ્તુ એક વ્યક્તિને માટે સાચી હોય છે તે ઘણા લોકોને માટે યા તો આખા સમૂહને માટે પણ સાચી બનાવવાની ઈચ્છા – આ છે એક નાનકડી ભૂલ.

તમારે તો માત્ર રસ્તો બતાવી દેવાનો છે... અને બારણાં ખુલ્લાં કરી દેવાનાં છે. પણ એ રસ્તા ઉપર ચાલવાનું કામ તો દરેક માણસે પોતે કરવાનું છે, દરેક જણે પોતે એ બારણામાં થઈને પસાર થવાનું છે અને પોતાના આગવા સાક્ષાત્કારની દિશામાં આગળ વધવાનું છે.

માણસ માત્ર એક જ મદદ લઈ શકે છે અને એક જ મદદ તેણે લેવી જોઈએ — એ છે પ્રભુકૃપાની મદદ. એ કૃપા પ્રત્યેક માણસની અંદર તેની જરૂર પ્રમાણે પોતાનું રૂપ રચે છે.

શ્રી માતાજી

(વર્ષ ૦૪ : અંક ૧૧)

RNI NO GUJGUJ/2015/60353

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦

વિદેશ માટે-હવાઇ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**